સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 13

MARCH-2024
24-03-24 To 30-03-24


:::: સંપાદક ::::
મૌલિક ગોંધિયા













સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

ICE Rajkot | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 24 MAR-2024


- દિવસ મહિમા : 24 માર્ચ, વિશ્વ ક્ષય (ટી.બી.) દિન International Day for Achievers ...... 02
- દક્ષિણ કોરિયામાં 202, લોકશાહી સમિટ યોજાઈ ...... 02
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભૂટાનના સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજ્યા ...... 03
- QUESTION ANSWERS ...... 06


## 25 MAR-2024


- દિવસ મહિમા : 25 માર્ચ, ગુલામીના ભોગ બનેલા લોકોની યાદનો આંતરરાષ્ટ્રીય દિવસ ...... 07
- વૈશ્વિક આબોહવાની સ્થિતિ, 2023 (Global Climate Situation, 2023) ...... 07
- ઓપરેશન ઈન્દ્રાવતી (Operation Indravati) ...... 08
- QUESTION ANSWERS ...... 10


## 26 MAR-2024


- હોળી (ફાગણ માસની પૂનમ) ...... 11
- ચંદ્રયાન 3 : શિવ શક્તિ પોઈન્ટ નામને IAUની મંજૂરી ...... 13
- પુષ્પક : ISROનું ફરીથી વાપરી શકાય તેવું પ્રક્ષેપણ વાહન ...... 14
- QUESTION ANSWERS ...... 16


## 27 MAR-2024


- દિવસ મહિમા : 27 માર્ચ, વિશ્વ રંગભૂમિ દિવસ (World Theater Day) ...... 17
- પ્રોફેસર જયંત મૂર્તિના નામ પરથી એસ્ટરોઈડનું નામ ...... 17
- ચૂંટણી પંચે વિકલાંગ વ્યક્તિઓ માટે સરળ મતદાનની સુવિધા માટે 'સક્ષમ એપ' લોન્ચ કરી ...... 17
- શિપ્રા (ક્ષિપ્રા) નદી ...... 18
- QUESTION ANSWERS ...... 20


## 28 MAR-2024


- Hurun Rich List 2024 : મુંબઈ બની એશિયાની અબજોપતિની રાજધાની ...... 21
- ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે પ્રસિદ્ધ ગેરનો મેળો યોજાયો ...... 22
- ડાંગ દરબાર ...... 22
- હોળીના પર્વ દરમિયાન યોજાતા ગુજરાતના મેળાઓ ...... 23
- QUESTION ANSWERS ...... 25


## 29 MAR-2024


- LCA તેજસ માર્ક 1A ફાઈટર એરક્રાફ્ટની પ્રથમ ઉડાન ...... 25
- NIAના નવા ડિરેક્ટર જનરલ તરીકે શ્રી સદાનંદ દાતેની નિમણૂક કરવામાં આવી ...... 27
- IMT TRILAT ...... 28
- QUESTION ANSWERS ...... 30


## 30 MAR-2024


- India Employment Report 2024 ...... 31
- તેલંગાણા રાજ્યમાંથી કલ્યાણી ચૌલુક્ય વંશનો 900 વર્ષ જૂનો કન્નડ શિલાલેખ મળી આવ્યો ...... 33
- QUESTION ANSWERS ...... 36

ONE LINER ...... 37

QUESTION OF THIS WEEK ...... 43


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 માર્ચ, (1) વિશ્વ ક્ષય (ટી.બી.) દિન
## (2) International Day for Achievers

### વિશ્વ ક્ષય (ટી.બી.) દિન

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 24 માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 24 માર્ચ, 1882ના રોજ ડૉ. રોબર્ટ કોચ નામના તબીબે સૌપ્રથમ વખત ક્ષય રોગના જંતુઓની શોધ કરી હતી.
- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે 24 માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો હેતુ ક્ષયથી પીડાતા રોગીઓને શોધીને તેમને તેની સારવાર મફત મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવાનો છે.
- ક્ષયનો રોગ બીડી, સિગારેટ, તમાકુ વગેરેના વધુ પડતા સેવનના કારણે થાય છે.
- વર્ષ 2024ની 'વિશ્વ ક્ષય દિવસ'ની થીમ 'Yes ! We Can End TB !!' છે.



### T.B.

ક્ષય રોગને અંગ્રેજીમાં ટૂંકમાં T.B. તરીકે ઓળખવામાં આવે છે.

- T.B.નું પૂરું નામ Tuberculosis છે.
- ભારત સરકારની વર્ષ 2017ની આરોગ્ય નીતિમાં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલ કરવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે.
- આ અંતર્ગત વર્ષ 2025 સુધીમાં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલ કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.

## દક્ષિણ કોરિયામાં 2024 લોકશાહી સમિટ યોજાઈ

લોકશાહી માટેની ત્રીજી સમિટ (Summit for Democracy) દક્ષિણ કોરિયાના સિઓલમાં યોજાઈ હતી.




- સમિટ ફોર ડેમોક્રેસી વર્ષ 2021માં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બિડેન દ્વારા શરૂ કરવામાં આવેલી એક પહેલ છે.
- પ્રથમ વખત યુનાઈટેડ સ્ટેટ્સની બહાર યોજાયેલી આ સમિટનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્તરે લોકશાહીના વિચારને ફેલાવવાનો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- લોકશાહી માટેની પ્રથમ સમિટ 2021માં યોજાઈ હતી, જેમાં લગભગ 100 સહભાગી સરકારોએ લોકશાહી માટે ટેક્નોલોજીને આગળ વધારવા, મીડિયાની સ્વતંત્રતા, ટેક્નોલોજીના દુરુપયોગનો સામનો કરવા અને નાણાકીય પારદર્શિતા, લિંગ સમાનતા અને સમાનતામાં સુધારો કરવા સહિતની વિશાળ શ્રેણી પર 750 પ્રતિબદ્ધતાઓ કરી હતી.
- 2024માં સમિટ 'Damocracy for Future Generations' થીમ હેઠળ યોજાઈ હતી.

## Democracy Report 2024

સ્વીડનની યુનિવર્સિટી ઓફ ગોથેનબર્ગ ખાતેની V-Dem સંસ્થા દ્વારા 'ડેમોક્રેસી રિપોર્ટ 2024' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં ભારતને ફરી એકવાર ચૂંટણીલક્ષી નિરંકુશતા તરીકે વર્ગીકૃત કર્યુ છે, જેમાં લોકશાહીના સ્કોર્સ વિવિધ ઘટકોમાં સતત ઘટી રહ્યા છે.
- 180 દેશોના 4200 થી વધુ નિષ્ણાતો અને અન્ય દેશોના નિષ્ણાતોને સામેલ કરીને V-Dem લોકશાહીના વિવિધ સેંકડો લક્ષણોને માપે છે.
- લોકશાહી રિપોર્ટ 2024 મુજબ 42 દેશો (વિશ્વની 35% વસતી ધરાવતા) નિરંકુશતામાંથી પસાર થઈ રહ્યા છે.
- અહેવાલ દર્શાવે છે કે દક્ષિણ અને મધ્ય એશિયા વૈશ્વિક સ્તરે બીજા નંબરનો સૌથી નિરંકુશ પ્રદેશ બની ગયો છે.
- ભારત વિશ્વની 18% વસતી સાથે નિરંકુશતાનો અનુભવ કરતા દેશોમાં લગભગ અડધી વસતી ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભૂટાનના સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજ્યા

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભૂટાનની 2 દિવસીય મુલાકાત લીધી હતી.



- આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભૂટાનનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલપો' (Order of the Druk Gyalpo)થી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- આ સાથે તેઓ ભૂટાનનું સર્વોચ્ચ નાગરિક સન્માન મેળવનારા અન્ય દેશના પ્રથમ વડા બન્યા છે.
- નોંધનીય છે કે 17 ડિસેમ્બર, 2021ના રોજ ભૂટાનના 114માં રાષ્ટ્રીય દિવસના અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પુરસ્કાર આપવાની જાહેરાત કરી હતી.

- ઓર્ડર ઓફ ધ ડુક ગ્યાલપોને 'નગદગ પેલ જી ખોર્લો' (Ngadag Pel gi Khorlo) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- 'ધ ઓર્ડર ઓફ ધ ડ્રેગન કિંગ' (ડુક ગ્યાલપો)ની સ્થાપના 7 નવેમ્બર, 2008ના રોજ કરવામાં આવી હતી.
- જે ભૂટાનના લોકો અને સામ્રાજ્યની સેવાની માન્યતામાં આપવામાં આવે છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને એનાયત થયેલા અન્ય આંતરરાષ્ટ્રીય એવોર્ડ

| ક્રમ | એવોર્ડનું નામ | વર્ષ | કોના દ્વારા |
|---|---|---|---|
| 1 | ઓર્ડર ઓફ કિંગ અબ્દુલ અઝીઝ | 2016 | સાઉદી અરેબિયા |
| 2 | અમિર અમાનુલ્લાહ ખાન પુરસ્કાર | 2016 | અફઘાનિસ્તાન |
| 3 | ગ્રાન્ડ કોલર પુરસ્કાર | 2018 | પેલેસ્ટાઈન |
| 4 | ઓર્ડર ઓફ ધ ડિસ્ટંગ્યુશ્ડ રૂલ ઓફ ઈઝઝુદીન | 2019 | માલદીવ |
| 5 | ઓર્ડર ઓફ સેન્ટર એન્ડ્રુ ધ એપોસ્ટલ | 2019 | રશિયા |
| 6 | ઓર્ડર ઓફ ઝાયેદ | 2019 | UAE |
| 7 | ધ કિંગ હમાદ ઓર્ડર ઓફ ધ રેનેન્સા | 2019 | બહેરિન |
| 8 | લિજન ઓફ મેરિટ | 2020 | અમેરિકા |
| 9 | Companion of the order of FIJI | 2023 | ફિજી |
| 10 | Companion of the order of Loguhu | 2023 | પાપુઆ ન્યુ ગિની |
| 11 | ઓર્ડર ઓફ ધ નાઈલ | 2023 | ઈજિપ્ત |
| 12 | ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ લીજન ઓફ ઓનર | 2023 | ફ્રાન્સ |
| 13 | ધ ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ઓનર | 2023 | ગ્રીસ |
| 14 | ઓર્ડર ઓફ ધ ડુક ગ્યાલપો | 2024 (2021માં જાહેરાત) | ભૂટાન |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી નરેન્દ્રભાઈ મોદીને એનાયત થયેલા અન્ય પુરસ્કારો

| ક્રમ | એવોર્ડ | દેશ/સંસ્થા | વર્ષ |
|---|---|---|---|
| 1 | એશિયન ઓફ ધ યર | ધ સ્ટ્રેટ્સ ટાઈમ્સ | 2014 |
| 2 | ઈન્ડિયન ઓફ ધ યર | CNN-IBN | 2014 |
| 3 | ચેમ્પિયન ઓફ ધ અર્થ એવોર્ડ | યુનાઈટેડ નેશન્સ | 2018 |
| 4 | સિઓલ શાંતિ પુરસ્કાર | દક્ષિણ કોરિયા | 2018 |
| 5 | ગ્લોબલ ગોલકીપર એવોર્ડ | બીલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન | 2019 |
| 6 | કી ઓફ ધ સિટી | હ્યુસ્ટન, ટેક્સાસ, અમેરિકા | 2019 |
| 7 | ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયરન્મેન્ટ લીડરશીપ એવોર્ડ | કેમ્બ્રિજ એનર્જી રિસર્ચ એસોસિએટ્સ | 2021 |
| 8 | Ebakl એવોર્ડ | પલાઉ | 2023 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ ક્ષય દિન' અથવા 'વિશ્વ ટી.બી. દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 માર્ચ (B) 23 માર્ચ (C) 24 માર્ચ (D) 25 માર્ચ (C)

2. વર્ષ 2024ની 'વિશ્વ ક્ષય દિવસ'ની થીમ શું છે ?

(A) It's time (B) I am Stopping TB

(C) Unite to End TB (D) Yes ! We can end TB !! (D)

3. T.B.નું પૂરું નામ શું છે ?

(A) Tuberculosis (B) Tubercurosis

(C) Tubercunosis (D) Tubercumosis (A)

4. કયા દિવસના રોજ 'International Day for Achievers'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 24 માર્ચ (B) 25 માર્ચ (C) 26 માર્ચ (D) 27 માર્ચ (A)

5. તાજેતરમાં લોકશાહી માટેની ત્રીજી સમિટ (Summit for Democracy) ક્યાં યોજાઈ હતી ?

(A) ટોક્યો, જાપાન (B) સિડની, ઓસ્ટ્રેલિયા

(C) લંડન, યુનાઈટેડ કિંગ્ડમ (D) સિઓલ, દક્ષિણ કોરિયા (D)

6. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને કયા દેશ દ્વારા તેમના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ઓર્ડર ઓફ ધ ડુક ગ્યાલપો'થી સન્માનિત કરવામાં આવ્યા હતા ?

(A) નેપાળ (B) ભૂટાન (C) મ્યાનમાર (D) માલદીવ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 25 માર્ચ, ગુલામીના ભોગ બનેલા લોકોની યાદનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Remembrance of Victims of Slavery)

## વૈશ્વિક આબોહવાની સ્થિતિ, 2023 (Global Climate Situation, 2023)

તાજેતરમાં વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (WMO)એ વૈશ્વિક આબોહવા પરિસ્થિતિ, 2023નો અહેવાલ બહાર પાડ્યો છે.



### રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

ગ્લોબલ ઓશન વોર્મિંગ(દરિયાઈ ગરમી) વર્ષ 2023માં ઉચ્ચ રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું.

- જે અત્યાર સુધી નોંધાયેલ સમુદ્રી ઉષ્ણતાના સર્વોચ્ચ સ્તરે છે.
- ગ્રીનહાઉસ ગેસ (GHG) ઉત્સર્જન અને જમીનના ઉપયોગમાં ફેરફારો જેવા માનવવંશીય આબોહવા પરિબળોએ સમુદ્રની ગરમીમાં આ વધારામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.
- જો કે વધતા ઉષ્ણતાની અસરો વિશ્વના મોટાભાગના મહાસાગરોમાં દેખાઈ રહી છે, તેમ છતા પ્રમાણમાં નાના વિસ્તારો, જેમ કે સબપોલર નોર્થ એટલાન્ટિક મહાસાગર ઠંડકનો અનુભવ કરી રહ્યા છે.
- આ ઠંડક એટલાન્ટિક મેરિડીયોનલ ઓવરટર્નિંગ સર્ક્યુલેશનની મંદી સાથે સંકળાયેલ છે, જે સમુદ્રી પ્રવાહોની સિસ્ટમ છે.
- વૈશ્વિક સરેરાશ દરિયાઈ સપાટીનું તાપમાન 2023માં વિક્રમી ઊંચાઈએ હતું, જેણે કેટલાક મહિનાઓના અગાઉના રેકોર્ડને પણ તોડી નાખ્યા છે.
- પૂર્વીય ઉત્તરી એટલાન્ટિક, મેક્સિકોનો અખાત, કેરેબિયન, ઉત્તર પેસેફિક અને દક્ષિણ મહાસાગરના મોટા વિસ્તારો સહિત વિવિધ વિસ્તારોમાં અસાધારણ ગરમી જોવા મળી હતી.
- વૈશ્વિક મહાસાગરમાં 2016માં સરેરાશ દૈનિક દરિયાઈ હીટવેવ કવરેજ 32%નો અનુભવ કર્યો, જે અગાઉના 23% રેકોર્ડને વટાવી ગયો છે.
- 2023ના અંતમાં, 20° દક્ષિણ અને 20° ઉત્તર વચ્ચેનો વૈશ્વિક મહાસાગર નવેમ્બરની શરૂઆતથી હીટવેવની સ્થિતિમાં હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ઉત્તર એટલાન્ટિકમાં 2023ના અંતમાં ગંભીર અને આત્યંતિક દરિયાઈ ગરમીની ઘટનાઓની વિશાળ શ્રેણી જોવા મળી હતી, જેમાં સરેરાશ કરતા 3°C સુધીનું તાપમાન હતું.
- 2023માં વૈશ્વિક સરેરાશની નજીકની સપાટીનું તાપમાન પૂર્વ–ઔદ્યોગિક 1850-1900ની સરેરાશ કરતા 1.45 ± 0.12°C વધારે હતું, જે રેકોર્ડ પર સૌથી ગરમ વર્ષ બની ગયું છે.
- પશ્ચિમ ઉત્તર અમેરિકા અને યુરોપ બંનેમાં ભારે બરફ ઓગળવાના કારણે વિશ્વભરના ગ્લેશિયરોએ રેકોર્ડ પર સૌથી વધુ બરફ ગુમાવવાનો અનુભવ કર્યો હતો.
- ગરમીના મોજા, પૂર, દુષ્કાળ, જંગલની આગ અને ઉષ્ણકટિબંધીય ચક્રવાત જેવી આત્યાંતિક હવામાનની ઘટનાઓ તમામ વસવાટવાળા ખંડો પર મોટી સામાજિક આર્થિક અસરો કરે છે.
- ભૂમધ્ય ચક્રવાત ડેનિયલના અતિશય વરસાદ સાથે સંકળાયેલ પૂરને કારણે સપ્ટેમ્બર 2023માં ગ્રીસ, બલ્ગેરિયા, તુર્કી અને લિબિયાને અસર થઈ હતી અને તેમાં પણ ખાસ કરીને લિબિયામાં નોંધપાત્ર નુકસાન થયું હતું.

**નોંધ :**
(1) વર્લ્ડ મીટીરોલોજિકલ ઓર્ગેનાઈઝેશન (WMO) એ 192 સભ્ય રાષ્ટ્રો અને પ્રદેશોના સભ્ય પદ સાથે આંતર–સરકારી સંસ્થા છે.
(2) ભારત WMOનો સભ્ય છે.
(3) WMOની સ્થાપના 23 માર્ચ, 1950ના રોજ થઈ હતી.
(4) તેનું મુખ્ય મથક સ્વિત્ઝર્લેન્ડના જીનીવા ખાતે સ્થિત છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓપરેશન ઈન્દ્રાવતી (Operation Indravati)

ઓપરેશન ઈન્દ્રાવતી એ હેતીમાંથી તેના નાગરિકોને બહાર કાઢવા માટેની ભારતની એક પહેલ છે.

- ભારતમાં ઈન્દ્રાવતી નદીના નામ પરથી આ નામ આપવામાં આવ્યું છે.
- આ ઓપરેશનનો હેતુ હેતીમાં વધતી કટોકટી વચ્ચે ભારતીય નાગરિકોની સલામતી અને સુખાકારીની ખાતરી કરવાનો છે.
- વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે જાહેરાત કરી કે 12 ભારતીયોને સફળતાપૂર્વક ડોમિનિકન રિપબ્લિકમાં ખસેડવામાં આવ્યા હતા.




- નોંધનીય છે કે જુલાઈ 2021માં રાષ્ટ્રપતિ જોવેનેલ મોઈસની હત્યા બાદ હેતી ગેંગ હિંસા અને રાજકીય ઉથલપાથલથી ઘેરાયેલું છે.

## હૈતિ વિશે

હૈતી એ કેરેબિયન સમુદ્રમાં આવેલો દેશ છે.

- જેમાં હિસ્પેનિઓલા ટાપુનો પશ્ચિમી ત્રીજો ભાગ અને ગોનાવે, ટોર્ટ્યુ, ગ્રાન્ડે કેયે અને વાચે જેવા નાના ટાપુઓનો સમાવેશ થાય છે.
- તે ત્રીજું સૌથી મોટું કેરેબિયન રાષ્ટ્ર છે.
- તેની રાજધાની પોર્ટ–ઓ–પ્રિન્સ છે.
- હૈતીના ઈતિહાસમાં પ્રમાણમાં તાજેતરના લોકશાહી સુધારા સુધી રાજકીય અસ્થિરતા, વિદેશી વ્યવસાય અને નિરંકુશ શાસનનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. કયા દિવસે 'ગુલામીના ભોગ બનેલા લોકોની યાદનો આંતરરાષ્ટ્રીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 25 માર્ચ (B) 26 માર્ચ (C) 27 માર્ચ (D) 28 માર્ચ (A)

2. તાજેતરમાં વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (WMO)એ 'વૈશ્વિક આબોહવાની સ્થિતિ, 2023' (Global Climate Situation, 2023) નામનો રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ રિપોર્ટ અનુસાર વર્ષ 2023માં સમગ્ર વિશ્વમાં સમુદ્રની ગરમી તેના રેકોર્ડ સ્તરે રહી છે.

(B) આ રિપોર્ટ અનુસાર 2023ના અંતમાં 20° દક્ષિણ અને 20° ઉત્તર વચ્ચેનો વૈશ્વિક મહાસાગર નવેમ્બરની શરૂઆતથી હીટવેવની સ્થિતિમાં હતો.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

3. વર્લ્ડ મીટીરોલોજિકલ ઓર્ગેનાઈઝેશન (WMO)નું વડુંમથક ક્યાં આવેલું છે ?

(A) જીનીવા, સ્વિત્ઝર્લેન્ડ (B) ન્યુયોર્ક, અમેરિકા

(C) પેરીસ, ફ્રાન્સ (D) બેઈજિંગ, ચીન (A)

4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ઓપરેશન ઈન્દ્રાવતી' શું છે ?

(A) ભારતીય સેના દ્વારા પોખરણ ખાતે આયોજિત કવાયત

(B) દક્ષિણના તટ પર કાચબા બચાવવા માટેનું મિશન

(C) CBI દ્વારા ડ્રગ્સ પકડવા હાથ ધરેલ મિશન

(D) હૈતીમાંથી ભારતના નાગરિકોને બહાર કાઢવા માટેની પહેલ (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હોળી (ફાગણ માસની પૂનમ)

હિન્દુ પંચાંગ મુજબ હોળી ફાગણ માસની પૂનમે ઉજવવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2024માં 25 માર્ચના રોજ સમગ્ર ભારતમાં હોળીનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો.
- પરંપરા મુજબ હોળી 2 દિવસ મનાવવામાં આવે છે. આગલા દિવસે હોલિકા દહન હોય છે અને બીજા દિવસે ધૂળેટી હોય છે.
- જેમાં લોકો એક બીજાને રંગ ઉડાડીને ધૂળેટી ઉજવે છે.
- હોળીના તહેવાર સાથે 2 પરંપરાગત પૌરાણિક કથા જોડાયેલી છે : 'હિરણ કશ્યપ અને પ્રહલ્લાદની વાર્તા' તેમજ રાધા–કૃષ્ણનો રાસ.
- ફાગણ માસ દરમિયાન શિશિર અને વસંતઋતુનું મિલન થાય છે.
- હોળીને પ્રાચીન સમયના 'નવન્નેષ્ટિ' યજ્ઞનું સ્વરૂપ જ માનવામાં આવે છે.
- 'નવન્નેષ્ટિ' યજ્ઞમાં શેકેલ અનાજની આહુતિ આપવામાં આવે છે. શેકેલ અનાજને સંસ્કૃતિમાં હોલક શબ્દથી ઓળખવામાં આવે છે. અને હિન્દીમાં હોલી કહેવાય છે.
- અનુભવી વ્યક્તિઓ હોળીના દિવસે વરસાદના મુહૂર્ત કાઢે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ગુજરાતમાં હોળી વિશે કેટલીક પરંપરા

ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં હોળીને 'હુતાસણી' (ગ્રામ્ય ભાષામાં ઉતાણી પણ કહે છે)થી પણ ઓળખવામાં આવે છે.

- હોળીના બીજા દિવસ ધૂળેટીને 'પડવો' કહેવામાં આવે છે. અમુક વિસ્તારોમાં હોળી પછીના બે કે ત્રણ દિવસ આ તહેવાર ઉજવાય છે, જેને 'બીજો પડવો' અને 'ત્રીજો પડવો' એમ ગણવામાં આવે છે.
- આ દિવસોમાં પુરુષો દ્વારા દાંડિયા રાસ રમવાનો રિવાજ પણ છે, ખાસ કરીને પોરબંદર વિસ્તારમાં છે.
- ઘણા આદિવાસી વિસ્તારોમાં હોળી પ્રગટાવ્યા પછી તેની આસપાસ પારંપારિક નૃત્ય કરવામાં આવે છે.
- યુવાનો દ્વારા આ દિવસોમાં શૌર્યપૂર્ણ રમતો રમવામાં અને વિવિધ પારંપારિક હરીફાઈ યોજવામાં આવે છે.
- જેમ કે ઘોડા દોડ, આંધળો પાટો, શ્રીફળ ફેંકવાની હરીફાઈ વગેરે.
- તેમજ સૌરાષ્ટ્રના કારડિયા રાજપૂત સમાજના લોકો હોળીના દિવસે 'આંબલી કાઢવાની રમત' રમે છે.
- ગ્રામ્ય વિસ્તારોમાં ગામને પાદર આવેલા પૂર્વજોના પાળિયાઓનું પૂજન અર્ચન પણ કરવામાં આવે છે.

- ઘણા વિસ્તારોમાં હોળીના બીજા દિવસે બાળકો અને યુવાનો હોળીની રાખ શરીર પર લગાડીને ગામના તમામ વિસ્તારોમાં ફરે છે અને ફાળો (ગોઠ) ઉઘરાવે છે, આ લોકોને 'ઘેરૈયા' તરીકે ઓળખવામાં આવે છે.
- હોળીના દિવસે જેને ત્યાં ગત વર્ષમાં દિકરાનો જન્મ થયો હોય તે લોકો બાળકને શણગારીને હોળીની પ્રદક્ષિણા કરાવે છે, તથા ગામલોકોને પતાસા તથા ખજૂર વગેરેની 'લાણ' વહેંચે છે, આ પ્રસંગને દિકરાની 'વાડ' કહેવામાં આવે છે.
- હોળીના દિવસે હોળી પ્રગટાવ્યા પછી મોડી રાત્રી સુધી હોળીની આસપાસ બેસી અને ગીતો કે દુહાઓ ગાવામાં આવે છે તેને 'હોળીના ફાગ' તરીકે ઓળખવામાં આવે છે, આ પરંપરા વર્તમાન પણ અમુક ગ્રામ્ય વિસ્તારોમાં ચાલુ છે.
- વિસનગરમાં ધુળેટીના પર્વે પરંપરાગત ખાસડા યુદ્ધની ઉજવણી કરવામાં આવે છે, જેમાં તમામ જ્ઞાતિના લોકો ખજૂર ભરેલો ઘડો મેળવવા એકબીજાની સામે ખાસડા ફેંકી પરંપરાગત ઉજવણી કરે છે.
- ગુજરાતના ઘણા ગામોમાં હોલિકા દહન બાદ અંગારામાં ચાલવાની વર્ષો જૂની પરંપરા છે.
- જેમાં સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનું સરસ ગામ તથા ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાનું દેવળી (દેદાબાપાની દેવળી) ગામ પ્રસિદ્ધ છે.
- આ ઉપરાંત ગાંધીનગરના પાલજ ગામમાં પણ અંગારા ઉપર ચાલવાની પરંપરા છે.
- આ તમામ ગામોમાં પાંચ વર્ષના બાળકથી લઈ અને સાઈઠ વર્ષ સુધીના લોકો ઉઘાડા પગે અંગારા પર ચાલે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ભારતના વિવિધ રાજ્યોમાં હોળીના જુદા જુદા નામ

| ક્રમ | રાજ્ય | હોળી કયા નામથી ઓળખાય ? |
|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | લઠ્ઠમાર હોળી |
| 2 | પંજાબ | હોલા–મહલ્લા |
| 3 | બિહાર | ફગુઆ/ફગવા |
| 4 | મહારાષ્ટ્ર | રંગ પંચમી |
| 5 | ઉત્તરાખંડ | ખાદી હોળી |
| 6 | મણિપુર | યોસંગ |
| 7 | પશ્ચિમ બંગાળ | બસંત ઉત્સવ અને ડોલજાત્રા |
| 8 | ગોવા | શિગ્મો |
| 9 | આસામ | ફકુવાહ અથવા દેઓલ |

## ચંદ્રયાન 3 : શિવ શક્તિ પોઈન્ટ નામને IAUની મંજૂરી

23 ઓગસ્ટ, 2023ના રોજ ભારતના ચંદ્રયાન-3 મિશને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું હતું અને ઈતિહાસ રચ્યો હતો.



- ત્યારબાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચંદ્રયાન-3નું વિક્રમ લેન્ડર જે સ્થળે ઉતર્યુ હતું તે સ્થળને ‘શિવ શક્તિ પોઈન્ટ’ નામ આપ્યું હતું.
- ત્યારબાદ તાજેતરમાં ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમી યુનિયન (IAU)એ 19 માર્ચ, 2024ના રોજ શિવ શક્તિ પોઈન્ટ નામને મંજૂરી આપી હતી.
- સત્તાવાર રીતે હવે તે સ્થાન વિશ્વભરમાં શિવ શક્તિ પોઈન્ટ તરીકે ઓળખાશે.
- નોંધનીય છે કે ચંદ્રયાન-2ના ટચડાઉન પોઈન્ટને ‘તિરંગા’ નામ આપવામાં આવ્યું હતું.

**નોંધ :** (1) ચંદ્રયાન-3 મિશનના ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડિંગની યાદમાં 23 ઓગસ્ટને ‘રાષ્ટ્રીય અંતરીક્ષ દિવસ’ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.

(2) 14 જુલાઈ, 2023ના રોજ બપોરે 2:35 વાગ્યે LVM-M4 નામના રોકેટમાં ચંદ્રયાન-3 લોન્ચ થયું હતું, જેણે 23 ઓગસ્ટ, 2023ના રોજ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યુ હતું.

(3) આ સાથે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો.

**નોંધ :** ચંદ્રયાન-3 વિશેની સંપૂર્ણ માહિતી વર્ષ 2023ના Week-34માં આપેલી છે.

# પુષ્પક : ISROનું ફરીથી વાપરી શકાય તેવું પ્રક્ષેપણ વાહન



ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ 22 માર્ચ, 2024ના રોજ 'પુષ્પક' નામના Reusable Launch Vehicle (RLV) (ફરીથી વાપરી શકાય તેવું લોન્ચ વ્હીકલ)ને સમાવતું તેનું ત્રીજું મિશન સફળતાપૂર્વક હાથ ધર્યુ હતું.

- આ પરીક્ષણ કર્ણાટકના ચિત્રદુર્ગમાં એરોનોટિકલ ટેસ્ટ રેન્જ (ATR) ખાતે હાથ ધરવામાં આવ્યું હતું.
- પુષ્પક મિશનનો પ્રાથમિક ઉદ્દેશ્ય અવકાશમાં ઓછા ખર્ચે પ્રવેશને સક્ષમ કરવાના હેતુથી સંપૂર્ણપણે પુનઃઉપયોગ કરી શકાય તેવા પ્રક્ષેપણ વાહન માટે જરૂરી ટેક્નોલોજી વિકસાવવાનો છે.
- આ મિશન સ્પેસ મિશનની કિંમત ઘટાડવા અને અવકાશના કાટમાળને ઘટાડવા માટે ઈસરોના સતત પ્રયાસોનો એક ભાગ છે.
- પુષ્પક RLVને ભારતીય વાયુસેનાના ચિનુક હેલિકોપ્ટર દ્વારા લગભગ 4.5 કિલોમીટરની ઊંચાઈ પર લઈ જવામાં આવ્યું હતું અને ત્યાંથી છોડવામાં આવ્યું હતું.

## RLV પ્રોજેક્ટ શું છે ?

લોન્ચ વ્હીકલ ઓટોનોમસ લેન્ડિંગ મિશન (RLV LEX) એ એક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર પ્રોજેક્ટ છે.

- જેનો ઉદ્દેશ્ય પેલોડને ભ્રમણકક્ષામાં લઈ જવા અને એરક્રાફ્ટની જેમ પૃથ્વી પર પાછા ફરવા સક્ષમ સ્પેસ પ્લેન વિકસાવવાનો છે.
- RLV-TD (ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર) એ અંતિમ RLVનો એક નાનો પ્રોટોટાઈપ છે, જે ઘણો મોટો હશે અને ક્રૂ તથા કાર્ગોને અવકાશમાં લઈ જવા માટે સક્ષમ હશે.
- RLV-TD 6.5 મીટર લાંબુ છે, તેની પાંખો 3.6 મીટર છે અને તેનું વજન 1.7 ટન છે.
- ભવિષ્યમાં આ વાહનને ભારતના પુનઃઉપયોગ કરી શકાય તેવા ટુ–સ્ટેજ ઓર્બિટલ (TSTO) લોન્ચ વ્હીકલના પ્રથમ તબક્કામાં વધારો કરવામાં આવશે.
- RLV-TD વિમાન જેવું દેખાય છે. તેમાં ફ્યુઝલેજ, નોઝ કેપ, ડબલ ડેલ્ટા પાંખો અને બે ઉભી પૂંછડીઓનો સમાવેશ થાય છે.
- RLV TDનો ઉપયોગ હાઈપરસોનિક ફ્લાઈટ (HEX), ઓટોનોમસ લેન્ડિંગ (LEX), રીટર્ન ફ્લાઈટ પ્રયોગ (REX), સંચાલિત ક્રુઝ ફ્લાઈટ અને સ્ક્રેમજેટ પ્રોપલ્શન એક્સપેરીમેન્ટ (SPEX) જેવી ટેકનોલોજી વિકસાવવા માટે કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**મહત્વ**

અવકાશ સંશોધન સાથે સંકળાયેલા <u>ઊંચા ખર્ચ</u> તેની પ્રગતિમાં નોંધપાત્ર અવરોધ છે.

- જોકે પુન:ઉપયોગ કરી શકાય તેવા પ્રક્ષેપણ વાહનને અવકાશને એક્સેસ કરવાના ઓછા ખર્ચે, ભરોસાપાત્ર અને માંગ પરનું મોડ ગણવામાં આવે છે.
- RLVનો ઉપયોગ કરીને પ્રક્ષેપણની કિંમત વર્તમાન ખર્ચના લગભગ <u>80%</u> સુધી ઘટાડી શકાય છે.
- નોંધનીય છે કે અવકાશ પ્રક્ષેપણ વાહનમાં લગભગ <u>80 થી 87 ટકા</u> ખર્ચ વાહનના માળખામાં જાય છે.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. હિન્દુ પંચાંગ મુજબ હોળી ........... માસની પૂનમે ઉજવવામાં આવે છે.

(A) ફાગણ (B) ચૈત્ર (C) વૈશાખ (D) આસો — (A)

2. સૌરાષ્ટ્રના કારડિયા રાજપૂતો હોળીના દિવસે કઈ રમત રમે છે ?

(A) આંબલી–પીપળી (B) તરણ સ્પર્ધા

(C) આંબલી કાઢવાની રમત (D) હળ દોડાવવાની રમત — (C)

3. નીચેના વિધાન પર વિચાર કરો :

1. હોળીના દિવસે જેને ત્યાં ગત વર્ષમાં દિકરાનો જન્મ થયો હોય તે લોકો બાળકને શણગારીને હોળીની પ્રદક્ષિણા કરાવે છે. તથા ગામલોકોને પતાસા તથા ખજૂર વગેરેની ‘લાણ’ વહેંચે છે. આ પ્રસંગને દિકરાની ‘વાડ’ કહેવામાં આવે છે.
2. વિસનગરમાં ધુળેટીના પર્વે પરંપરાગત ખાસડા યુદ્ધની ઉજવણી કરવામાં આવે છે.
3. ગુજરાતના ઘણા ગામો જેમ કે ઓલપાડ તાલુકાનું સરસ ગામ અને કોડિનાર તાલુકાના દેવળી ગામમાં હોળી બાદ અંગારા પર ઉઘાડા પગે ચાલવાની પરંપરા છે.

ઉપરોક્ત વિધાનમાંથી કયું/કયા વિધાન સાચા છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 — (D)

4. નીચેના વિધાન પર વિચાર કરો :

1. ચંદ્રયાન-3નું વિક્રમ લેન્ડર જે સ્થળે ઉતર્યું હતું તે સ્થળને ‘શિવશક્તિ પોઈન્ટ’ નામ આપવામાં આવ્યું છે.
2. ચંદ્રયાન-2ના ટચડાઉન પોઈન્ટને ‘તિરંગા’ નામ આપવામાં આવ્યું છે.

ઉપરોક્તમાંથી કયું વિધાન સાચું છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા — (C)

5. ISROના તાજેતરના પ્રયોગ દરમિયાન સફળતાપૂર્વક ઉતરાણ કરનાર ભારતના પ્રીમિયર રિયુઝેબલ લોન્ચ વ્હીકલ (RLV)નું નામ શું છે ?

(A) આર્યભટ્ટ (B) શક્તિ (C) ભારત (D) પુષ્પક — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 27 માર્ચ, વિશ્વ રંગભૂમિ દિવસ (World Theater Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે <u>27 માર્ચ</u>ના રોજ '<u>વિશ્વ રંગભૂમિ દિવસ</u>' ઉજવવામાં આવે છે.

- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં <u>થિયેટર અથવા નાટ્યકળાના</u> મહત્ત્વ વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- '<u>વિશ્વ રંગભૂમિ દિવસ</u>' અથવા '<u>વર્લ્ડ થિયેટર ડે</u>'ની શરૂઆત <u>વર્ષ 1961</u>માં ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવી હતી.
- થિયેટર માત્ર મનોરંજન પૂરું પાડતું નથી પણ એક કલા સ્વરૂપ તરીકે પણ કામ કરે છે. જે વ્યક્તિઓને શિક્ષિત અને પ્રેરણા આપે છે.
- ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા જાહેર કરાયેલ વર્લ્ડ થિયેટર ડેની થીમ '<u>Theater and a Culture of Peace</u>' છે.

## પ્રોફેસર જયંત મૂર્તિના નામ પરથી એસ્ટરોઈડનું નામ

<u>ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન (IAU)</u>એ ભારતીય ખગોળશાસ્ત્રી પ્રોફેસર <u>જયંત મૂર્તિના</u> નામ પરથી '<u>એસ્ટરોઈડ (215884) જયંત મૂર્તિ</u>' નામ આપીને સન્માન કર્યુ છે.

- કિટ પીક નેશનલ ઓબ્ઝર્વેટરી ખાતે MW Buie દ્વારા <u>2005માં</u> શોધાયેલ એસ્ટરોઈડ દર <u>3.3 વર્ષે</u> <u>મંગળ અને ગુરૂ વચ્ચે</u> સૂર્યની પરિક્રમા કરે છે. હવેથી આ એસ્ટરોઈડનું નામ જયંત મૂર્તિ હશે.
- પ્રોફેસર જયંત મૂર્તિએ <u>2021માં</u> <u>ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ (IIA)</u>માં તેમનો કાર્યકાળ પૂરો કર્યો હતો.
- જ્યાં તેમણે જુલાઈ 2018થી ઓક્ટોબર 2019 સુધી <u>કાર્યકારી નિર્દેશક</u> તરીકે સેવા આપી હતી.

> **નોંધ :** (1) International Astronomical Union (IAU)ની સ્થાપના <u>1919માં</u> થઈ હતી.
> (2) તેનું વડું મથક <u>ફ્રાન્સના પેરિસ</u> ખાતે આવેલું છે.

## ચૂંટણી પંચે વિકલાંગ વ્યક્તિઓ માટે સરળ મતદાનની સુવિધા માટે 'સક્ષમ એપ' લોન્ચ કરી

તાજેતરમાં ભારતના <u>ચૂંટણી પંચે</u> <u>85 વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ</u> અને <u>40% વિકલાંગતા ધરાવતા પર્સન્સ-વિથ-ડિસેબિલિટીઝ (PWD)</u> માટે સરળ મતદાનની સુવિધા આપવા માટે '<u>સક્ષમ એપ</u>' લોન્ચ કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




- તેનો હેતુ નવા પગલા સાથે મતદાનમાં સર્વસમાવેશકતા સુનિશ્ચિત કરવાનો છે.
- મતદાન મથકો સ્વયંસેવકો, વ્હીલચેર અને પરિવહન પ્રદાન કરશે.
- સક્ષમ એપ PWD માટે મતદાનની સુવિધા આપે છે.

## શિપ્રા (ક્ષિપ્રા) નદી

તાજેતરમાં ભારતના કોન્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG)એ શિપ્રા (ક્ષીપ્રા) નદીના ધોવાણ પર પ્રદર્શન ઓડિટ (વર્ષ 2016-17 થી વર્ષ 2020-21) હાથ ધર્યું હતું.

### શિપ્રા નદી વિશે



મધ્યપ્રદેશમાં ચંબલ નદીની ઉપનદી શિપ્રા માળવાના ઉચ્ચ પ્રદેશમાં વહે છે.

- શિપ્રા નદીને ક્ષિપ્રા નદી તરીકે પણ ઓળખવામાં આવે છે.
- મહાકાલ મંદિર શિપ્રા નદીની બાજુમાં આવેલું છે.
- શિપ્રા નદીને ગંગા નદીની જેમ જ હિન્દુ ધર્મમાં પવિત્ર નદી માનવામાં આવે છે.
- તેના પૂર્વ કિનારે ઉજ્જૈન શહેર આવેલું છે.
- તે ઉજ્જૈનથી લગભગ 11 કિલોમીટર ઉત્તરમાં આવેલી કાકરી–ટેકડી નામની ટેકરીમાંથી વિંધ્ય પર્વતમાળામાંથી ઉદ્‌ભવે છે. તે બારમાસી નદી છે.
- શિપ્રા નદીના કિનારે ઋષિ સાંદીપનિનો આશ્રમ આવેલો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

### મહાકાલ મંદિર

મહાકાલ મંદિર ભારતના 12 જ્યોતિર્લિંગમાંનું એક છે. જ્યોતિર્લિંગ સ્થાનોને ભગવાન શિવનું સ્વરૂપ માનવામાં આવે છે.

- તે મધ્યપ્રદેશ રાજ્યના ઉજ્જૈનમાં આવેલું છે.
- આ મંદિર પવિત્ર શિપ્રા નદીની બાજુમાં આવેલું છે.
- આ એકમાત્ર જ્યોતિર્લિંગ છે જેનું મુખ દક્ષિણ તરફ છે, જ્યારે બાકીના બધા પૂર્વ તરફ છે.
- કારણ કે મૃત્યુની દિશા દક્ષિણ માનવામાં આવે છે.
- વાસ્તવમાં લોકો અકાળ મૃત્યુથી બચવા માટે મહાકાલેશ્વરની પૂજા કરે છે.

- મહાકાલ મંદિરનો ઉલ્લેખ ઘણા પ્રાચીન ભારતીય કાવ્ય ગ્રંથોમાં જોવા મળે છે. કાલિદાસે ચોથી સદીમાં રચાયેલા મેઘદૂતમ (પૂર્વીય વાદળ)ના પ્રારંભિક ભાગમાં મહાકાલ મંદિરનું વર્ણન કર્યુ છે.

**નોંધ :** (1) 13મી સદીમાં ઉજ્જૈન પરના આક્રમણ દરમિયાન ઓટ્ટોમન શાસક શમ્સ–ઉદ–દિન ઈલ્તુમિશ દ્વારા મંદિર સંકુલનો નાશ કરવામાં આવ્યો હતો.

(2) વર્તમાન પાંચ માળનું માળખું ઈ.સ. 1734માં મરાઠા સેનાપતિ રાણોજી શિંદે દ્વારા મંદિરની સ્થાપત્ય ભૂમિની, ચાલુક્ય અને મરાઠા શૈલીમાં બાંધવામાં આવ્યું હતું.

ICE FOR COMPETITIVE EXAMS



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘વિશ્વ રંગભૂમિ દિવસ’ અથવા 'World Theatre Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 25 માર્ચ (B) 26 માર્ચ (C) 27 માર્ચ (D) 28 માર્ચ (C)

2. ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન (IAU) દ્વારા કોને તેમના નામ પરથી એસ્ટરોઈડ(215884)નું નામ આપી નવાજવામાં આવ્યા હતા ?

(A) જયંત મૂર્તિ (B) વિક્રમભાઈ સારાભાઈ

(C) હોમી ભાભા (D) કલ્પના ચાવલા (A)

3. તાજેતરમાં ભારતના ચૂંટણી પંચે 85 વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ અને 40% ધરાવતા PWD (પર્સન્સ–વિથ–ડિસેબિલિટીઝ) માટે સરળ મતદાનની સુવિધા આપવા માટે કઈ એપ લોન્ચ કરી છે ?

(A) મદદ એપ (B) સંકલ્પ એપ (C) કવચ એપ (D) સંક્ષમ એપ (D)

4. તાજેતરમાં સમાચારમાં રહેલ શિપ્રા નદી (ક્ષિપ્રા નદી) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે ઉજ્જૈનથી લગભગ 11 કિ.મી. ઉત્તરમાં આવેલી કાકરી–ટેકડી નામની ટેકરીમાંથી વિંધ્ય પર્વતમાળામાંથી ઉદ્ભવે છે.

(B) શિપ્રા નદીના કિનારે ઋષિ સાંદીપનિનો આશ્રમ આવેલો છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Hurun Rich List 2024 : મુંબઈ બની એશિયાની અબજોપતિની રાજધાની



શાંઘાઈ સ્થિત હુરુન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટએ અબજોપતિની મૂડી પર એક રિપોર્ટ જાહેર કર્યો છે.

- આ રિપોર્ટ અનુસાર મુંબઈ હવે અબજોપતિની રાજધાની બની ગયું છે.
- આ પહેલા ચીનની રાજધાની બેઈજિંગ આ સ્થાન પર હતી, જે હવે મુંબઈથી પાછળ રહી ગઈ છે.
- આ ઉપરાંત મુંબઈ વિશ્વમાં સૌથી વધુ અબજોપતિઓની સંખ્યા ધરાવતું ત્રીજા નંબરનું શહેર બન્યું છે.
- આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક દષ્ટિએ 119 અબજોપતિઓ સાથે આ યાદીમાં ન્યુયોર્ક પ્રથમ સ્થાને છે.
- ત્યારબાદ 97 અબજોપતિ સાથે લંડન બીજા સ્થાને છે અને મુંબઈ 92 અબજોપતિ સાથે ત્રીજા સ્થાને છે.
- આ યાદીમાં શ્રી એલન મસ્ક વિશ્વના સૌથી વધુ અબજોપતિની યાદીમાં પ્રથમ ક્રમે છે.

**અબજોપતિઓની સંખ્યાના સંદર્ભમાં ટોચના 10 દેશો**

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | ચીન |
| 2 | અમેરિકા |
| 3 | ભારત |
| 4 | યુનાઈટેડ કિંગ્ડમ |
| 5 | જર્મની |
| 6 | સ્વિત્ઝર્લેન્ડ |
| 7 | રશિયા |
| 8 | ઈટાલી |
| 9 | ફ્રાન્સ |
| 10 | બ્રાઝિલ |

**અબજોપતિઓની સંખ્યાની દષ્ટિએ વિશ્વના ટોપ 10 શહેરો**

| ક્રમ | શહેર |
|---|---|
| 1 | ન્યુયોર્ક |
| 2 | લંડન |
| 3 | મુંબઈ |
| 4 | બેઈજિંગ |
| 5 | શાંઘાઈ |
| 6 | શેન્ઝેન |
| 7 | હોંગકોંગ |
| 8 | મોસ્કો |
| 9 | નવી દિલ્હી |
| 10 | સાન ફ્રાન્સિસ્કો |

## ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે પ્રસિદ્ધ ગેરનો મેળો યોજાયો



તાજેતરમાં ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે ગેરના મેળાનું આયોજન થયું હતું.

- કવાંટ ખાતે હોળીના તહેવાર દરમિયાન યોજાતો આ મેળો વિશ્વ પ્રસિદ્ધ આદિવાસી મેળો છે.
- આ મેળો દર વર્ષે ધૂળેટીના ત્રીજા દિવસે યોજાય છે.
- આ મેળામાં આદિવાસી સમાજની સંસ્કૃતિ, પહેરવેશ, વાજિંત્રો અને ખાસ કરીને તેમના મનમોહક નૃત્યોને નિહાળવા માટે ફક્ત ભારતના જ નહિ, પરંતુ વિદેશી પર્યટકો પણ ઉમટી પડે છે.

## ડાંગ દરબાર

તાજેતરમાં ગુજરાતના ડાંગના પરંપરાગત ભાતીગળ લોકમેળો ડાંગ દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ડાંગ દરબારનું હોળી–ધુળેટી પર્વના અગાઉના દિવસો દરમિયાન આયોજન કરાતું હોય છે.
- ડાંગ જિલ્લાના આહવા ખાતે તેનું આયોજન કરવામાં આવે છે.
- ડાંગ દરબાર આદિવાસીનો નૃત્ય મહોત્સવ છે, કારણ કે આદિવાસી નૃત્યો આ મેળાનું મુખ્ય આકર્ષણ છે.
- આ મેળાનું આયોજન જિલ્લાના સત્તાવાળાઓ તરફથી થાય છે અને એમાં ડાંગના સરદારો હાજરી આપે છે એટલે એ ડાંગ દરબાર તરીકે ઓળખાય છે.
- ડાંગ દરબારમાં આદિવાસી પ્રતિભાને રાજ્ય સરકાર દ્વારા સન્માનિત કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## હોળીના પર્વ દરમિયાન યોજાતા ગુજરાતના મેળાઓ

ગુજરાતમાં હોળીના પર્વ દરમિયાન હોળી પહેલા કે પછી ઘણા બધા મેળાનું આયોજન થતું હોય છે. જેની માહિતી નીચે મુજબ છે.

### ગોળ-ગધેડાનો મેળો (દાહોદ, જેસાવાડા)

**સમય : હોળી પછી પાંચમે, સાતમે કે બારમે દિવસે**

- ગોળ ગધેડાના મેળામાં એક મેદાનમાં આડા અને ઊભા વાંસનો માંચડો તૈયાર કરવામાં આવે છે. અને આ માંચડા પર ગોળની પોટલીઓ મુકવામાં આવે છે.
- યુવાનો ગોળ લેવા માટે માંચડા પર ચડે છે પરંતુ ત્યાં ઊભેલી સ્ત્રીઓ તે યુવાનોને લાકડીથી ફટકારે છે અને જે યુવાનો ગોળની પોટલીઓ સુધી પહોંચી જાય છે તે વિજેતા મનાય છે.
- ગોળની પોટલીઓ લઈ આવેલા યુવાનો ગોળ ખાય છે અને યુવતીઓને ગોળ ખવડાવે છે.
- આ મેળામાં વિજેતા બનેલા યુવાનો સાથે યુવતીઓને પરણાવવામાં આવતી હોવાથી મેળામાં લગ્નનું પણ આગવું મહત્ત્વ છે.
- ગોળ ગધેડાના મેળામાં ગુજરાત સરકાર દ્વારા ગ્રામીણ ઓલિમ્પિકનું આયોજન પણ કરવામાં આવે છે.
- આ મેળામાં ગધેડાની લેવડ – દેવડ થાય છે.

### ચિત્ર- વિચિત્રનો મેળો (સાબરકાંઠા)

**સમય : હોળીના પંદર દિવસ પછી**

- ચિત્રવિચિત્રનો મેળો સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના ગુણભાખરી ગામમાં ભરાય છે.
- હસ્તીનાપુરના મહારાજા શાંતનુના પુત્રો ચિત્ર અને વિચિત્રના નામ પરથી આ મેળાનું આયોજન થાય છે.
- આ મેળામાં આદિવાસી યુવક–યુવતીઓ લગ્ન સંબંધથી જોડાય છે.
- ચિત્ર–વિચિત્રનો મેળો આદિવાસી મેળા તરીકે પણ જાણીતો છે.
- પૌરાણિક કાળથી એવી માન્યતા છે કે હસ્તિનાપુર (આજનું દિલ્હી)ના શાસનકર્તા શાતંનુના બે પુત્રો હતા. ચિત્રવીર્ય અને વિચિત્રવીર્ય જે તેઓની માતા સત્યવતી (જે મત્સ્યગંધા તરીકે પણ જાણીતા હતા) અને રાજા શાંતનુના જ્યેષ્ઠપુત્ર દેવવ્રત (મહાભારતના ભીષ્મ) વચ્ચેના સંબંધો અંગે ખોટી માન્યતા ધરાવતા હતા. પાછળથી પોતાની ભૂલ તેઓને સમજાતા પોતે જાતે જ બલિદાન આપી અગ્નિ સ્નાન કર્યુ હતું. આ બલિદાન તેમણે ગુણભાંખરી નામની ટેકરી પાસેના ત્રિવેણી સંગમ સ્થળે કર્યું હતું. પોતાની ગેરસમજથી થયેલી ભૂલના પસ્તાવાના કારણે દેહ ત્યાગ કરનાર બંને ભાઈઆની યાદમાં ચિત્ર–વિચિત્ર મળો યોજાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચૂલનો મેળો (4 જિલ્લામાં)

**સમય : હોળીના બીજા દિવસે**



- ચૂલનો મેળો પંચમહાલ, ભરૂચ, વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ભરાય છે.
- આ મેળામાં ગામની બહાર એક ચૂલો તૈયાર કરવામાં આવે છે. ગામના લોકો હાથમાં પાણીનો ઘડો અને નારિયેળ લઈ ચૂલા પર ચાલે છે ત્યારબાદ આ નારિયેળ ફોડી વિજય મનાવે છે.
- આ મેળાની એક એવી માન્યતા છે કે અગ્નિદેવ સંતાનો અને ઢોરનું રક્ષણ કરતા હોવાનું મનાય છે.
- ચૂલના મેળામાં ચૂલામાં ડાળી અને ડાળખા નાખી સળગાવવામાં આવે છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં હુરુન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટએ અબજોપતિની મૂડી પર એક રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટ અનુસાર કયું શહેર એશિયાની અબજોપતિની રાજધાની બની ગયું છે ?

(A) મુંબઈ (B) દિલ્હી (C) શાંઘાઈ (D) દુબઈ — (A)

2. ગુજરાતમાં હોળી બાદ ગેરનો પ્રસિદ્ધ મેળો કયાં યોજાય છે ?

(A) ગોધરા (B) રાજપીપળા (C) આહવા (D) કવાંટ — (D)

3. ગુજરાતમાં કયા જિલ્લામાં આવેલા કવાંટ ખાતે હોળી બાદ દર વર્ષે ગેરનો પ્રસિદ્ધ મેળો યોજાય છે ?

(A) પંચમહાલ (B) નર્મદા (C) ડાંગ (D) છોટાઉદેપુર — (D)

4. તાજેતરમાં ડાંગ જિલ્લાના કયા સ્થળે 'ડાંગ દરબાર'નું આયોજન થયું હતું ?

(A) આહવા (B) કવાંટ (C) વઘઈ (D) સુબીર — (A)

5. ગોળ ગધેડાનો મેળો કયાં ભરાય છે ?

(A) નખત્રાણા, કચ્છ (B) ગુણભાખરી, સાબરકાંઠા

(C) શામળાજી, અરવલ્લી (D) જેસાવાડા, દાહોદ — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## LCA તેજસ માર્ક 1A ફાઈટર એરક્રાફ્ટની પ્રથમ ઉડાન

28 માર્ચ, 2024ના રોજ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)એ બેંગ્લુરૂમાં સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તેજસ માર્ક 1A ફાઈટર જેટની પ્રથમ ઉડાન સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.

- આ એરક્રાફ્ટ તેની પ્રથમ ઉડાન દરમિયાન 15 મિનિટ સુધી હવામાં રહ્યું હતું.

### LCA તેજસ

તેજસ એ ભારતનું Single-engine, Delta wing, Multirole light fighter વિમાન છે.

- 'ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ' હેઠળ કાર્યરત 'એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી' દ્વારા LCAની ડિઝાઈન કરવામાં આવી છે.
- તેનું ઉત્પાદન જાહેરક્ષેત્રની કંપની HAL દ્વારા કરવામાં આવે છે.
- તેજસ એ સંપૂર્ણપણે સ્વદેશી ડિઝાઈન સાથે ભારતમાં તૈયાર કરવામાં આવેલું સૌપ્રથમ યુદ્ધ વિમાન છે.
- લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તરીકે ઓળખાતા આ વિમાનને 4 મે, 2003ના રોજ ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈએ 'તેજસ' નામ આપ્યું હતું.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતમાં Mig-21ની જગ્યાએ ઉપયોગમાં લેવા માટે આ યુદ્ધ વિમાનનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- તેજસ વિમાનની વિશેષતા આ મુજબ છે :

(a) તેજસ એ તેની શ્રેણીનું સૌથી હલકુ, નાનુ અને Tailles (પૂંછડી વિનાનું) મલ્ટી–રોલ સુપરસોનિક ફાઈટર વિમાન છે.

(b) તે હવા–થી–હવા, હવા–થી–સપાટી, ચોકસાઈ–માર્ગદર્શિત અને શસ્ત્રોની શ્રેણીને વહન કરવા માટે રચાયેલ છે.

(c) તે મુસાફરી દરમિયાન આકાશમાં ઈંધણ ભરવા સક્ષમ છે.

(d) તેની મહત્તમ પેલોડ ક્ષમતા 4,000 કિગ્રા છે.

(e) તે મહત્તમ 1.8 મેકની ઝડપ પ્રાપ્ત કરી શકે છે.

(f) આ વિમાનની રેન્જ 3,000 કિ.મી છે.

**નોંધ :** લાઈટ કોમ્બેટ એરક્રાફટ (LCA) પ્રોગ્રામ 1984માં ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ સરકાર દ્વારા LCA પ્રોગ્રામનું સંચાલન કરવા માટે એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી (ADA)ની સ્થાપના કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## LCA તેજસની વિવિધ આવૃત્તિઓ

LCA તેજસના ઘણા પ્રકારો છે, દરેક ચોક્કસ ઉન્નતિકરણો અને ક્ષમતાઓ સાથે LCA તેજસના મુખ્ય પ્રકારો નીચે મુજબ છે :

(1) તેજસ માર્ક 1 : પ્રારંભિક ઓપરેશનલ ક્લિયરન્સ (IOC) સંસ્કરણ, મર્યાદિત ક્ષમતાઓ અને શસ્ત્રો સાથેનું.

(2) તેજસ માર્ક 1A : તેજસ માર્ક 1નું અપગ્રેડેડ વર્ઝન છે, જેમાં અદ્યતન એવિઓનિક્સ, રડાર, ઈલેક્ટ્રોનિક યુદ્ધ ક્ષમતાઓ અને શસ્ત્રોની વિશાળ શ્રેણી વહન કરવાની ક્ષમતા છે.

(3) તેજસ માર્ક 2 (મધ્યમ–વજનનું લડાયક વિમાન) : વધુ શક્તિશાળી એન્જિન, વધેલી પેલોડ ક્ષમતા અને અદ્યતન એવિઓનિક્સ સાથે નોંધપાત્ર રીતે અપગ્રેડ કરેલ સંસ્કરણ છે, તે હાલ વિકાસ હેઠળ છે.

(4) તેજસ નેવી (LCA નેવી) : તેજસનું નેવલ વેરિઅન્ટ, કેરિયર ઓપરેશન્સ માટે રચાયેલ છે. તેમાં નૌકાદળના ઉપયોગ માટે મજબૂત એરફ્રેમ, એરેસ્ટર હુક્સ અને અન્ય જરૂરી ફેરફારો છે.

(5) તેજસ ટ્રેનર : LCA તેજસનું બે–સીટ તાલીમ સંસ્કરણ, જે પાઈલોટ તાલીમ અને પરિચય માટે રચાયેલ છે.

- આ આવૃત્તિઓ LCA તેજસ પ્રોગ્રામના ઉત્ક્રાંતિને પ્રતિબિંબિત કરે છે, જેમાં પ્રત્યેક આવૃત્તિમાં શીખેલા પાઠ અને એરક્રાફ્ટની ક્ષમતાઓને વધારવા માટે ટેક્નોલોજીમાં પ્રગતિનો સમાવેશ થાય છે.

## LCA તેજસ માર્ક 1A

ઉપર જણાવ્યા મુજબ LCA તેજસ માર્ક 1A તેજસ માર્ક 1નું અપગ્રેડેડ વર્ઝન છે.

- અગાઉના માર્ક 1 સંસ્કરણની તુલનામાં તેણે એવિઓનિક્સ, રડાર અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ ક્ષમતાઓમાં સુધારો કર્યો છે.
- માર્ક 1A અદ્યતન AESA રડાર, સ્વ–રક્ષણ જામરથી સજ્જ છે અને તે વિવિધ પ્રકારના શસ્ત્રોનું વહન કરી શકે છે.

## HAL




HALનું પૂરું નામ 'Hindustan Aeronautics Limited' છે.

- HAL એ ભારતમાં કેન્દ્ર સરકારની માલિકીની 'Aerospace and Defence' કંપની છે.
- તેનું વડું મથક કર્ણાટકના બેંગાલુરૂ ખાતે આવેલું છે.
- 23 ડિસેમ્બર, 1940ના રોજ કર્ણાટકના બેંગાલુરૂ ખાતે શ્રી વાલચંદ હિરાચંદ દ્વારા 'Hindustan Aircraft Limited' તરીકે HALની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ 1964માં તેનું નામ બદલીને 'Hindustan Aeronautics Limited' કરવામાં આવ્યું હતું.

# NIAના નવા ડિરેક્ટર જનરલ તરીકે શ્રી સદાનંદ દાતેની નિમણૂક કરવામાં આવી



તાજેતરમાં મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (ATS)ના વડા શ્રી સદાનંદ વસંત દાતેને રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ના નવા ડિરેક્ટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેઓ NIAના નવા ડિરેક્ટર જનરલ તરીકે શ્રી દિનકર ગુપ્તાનું સ્થાન લેશે, શ્રી દિનકર ગુપ્તાનો કાર્યકાળ 31 માર્ચ, 2024ના રોજ પૂરો થાય છે.

## શ્રી સદાનંદ દાતે

શ્રી સદાનંદ વસંત દાતે 1990-બેચના મહારાષ્ટ્ર કેડરના IPS અધિકારી છે.

- IPS સદાનંદ વસંત દાત્તે <u>26 નવેમ્બર, 2008</u>ની રાત્રે મુંબઈ હુમલા દરમિયાન લડત આપનાર કેટલાક અધિકારીઓમાંના એક હતા.
- તેમની બહાદુરી અને બુદ્ધિમત્તાને કારણે તે દરમિયાન ઘણા નાગરિકોને બચાવ્યા હતા. તેમની આ વીરતા માટે રાષ્ટ્રપતિ મેડલ પણ એનાયત કરવામાં આવ્યો હતો.
- તેઓ <u>સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનમાં ડીઆઈજી</u> અને <u>સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સમાં આઈ.જી તરીકે</u> પણ સેવા આપી ચૂક્યા છે.
- તેઓ મુંબઈ નજીક <u>મીરા–ભાઈંદર</u> અને <u>વસઈ–વિરાર શહેરના</u> <u>પોલીસ કમિશનરનું</u> પદ પણ સંભાળી ચૂક્યા છે.

## NIA

<u>National Investigation Agency (NIA)</u> એ ભારતની <u>આતંકવાદ</u>નો સામનો કરવા માટેની <u>સેન્ટ્રલ એજન્સી</u> છે.

- વર્ષ <u>2008</u>માં મુંબઈમાં થયેલા <u>26/11</u> ના આતંકી હુમલા બાદ આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત <u>31 ડિસેમ્બર, 2008</u>ના રોજ ભારતીય સંસદ દ્વારા <u>'નેશનલ ઈન્વેસ્ટિગેશન એક્ટ, 2008'</u> પસાર કરીને <u>2009</u>માં આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- તે ભારતના કોઈપણ રાજ્યમાં રાજ્યો દ્વારા વિશેષ મંજૂરી સિવાય આંતકવાદ સંબંધિત ગુનાઓની તપાસ કરી શકે છે.
- તેનું વડું મથક <u>નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.
- આ ઉપરાંત હૈદારાબાદ, ગુવાહાટી, કોચિન, લખનૌ, મુંબઈ, કોલકાતા, રાયપુર અને જમ્મુમાં પણ તેની બ્રાન્ચો આવેલી છે.
- ભારત સરકારના <u>ગૃહ મંત્રાલય</u> અંતર્ગત આ એજન્સી કામ કરે છે.

## IMT TRILAT



તાજેતરમાં <u>ભારત</u>, <u>મોઝામ્બિક</u> અને <u>તાંઝાનિયાની નૌકાદળ વચ્ચે</u> ત્રિપક્ષીય કવાયત <u>IMT TRILAT</u> (ટ્રાઈ લેટરલ)ની બીજી આવૃત્તિ યોજાઈ હતી.

- IMTમાં I એટલે <u>India</u>, M એટલે <u>Mozambique</u> અને T એટલે <u>Tanzania</u> થાય છે.
- આ કવાયતની પ્રથમ આવૃત્તિ <u>વર્ષ 2022</u>માં યોજાઈ હતી.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- કવાયતની વર્તમાન આવૃત્તિનું આયોજન બે તબક્કામાં કરવામાં આવ્યું હતું.
- 21 થી 24 માર્ચ દરમિયાન નિર્ધારિત બંદરના ભાગરૂપે નૌકાદળના જહાજો તિર અને સુજાતા સંબંધિત નૌકાદળ સાથે ઝાંઝીબાર (તાંઝાનિયા) અને માપુટો (મોઝામ્બિક) બંદરો પર જોડાયા હતા.
- આ તબક્કો આયોજન પરિષદ સાથે શરૂ થયો હતો. ત્યારબાદ સંયુક્ત હાર્બર તાલીમ પ્રવૃત્તિઓ જેમ કે ડેમેજ કંટ્રોલ, ફાયર ફાઈટીંગ, વિઝિટ બોર્ડ સર્ચ અને જપ્તી પ્રક્રિયાઓ જેવી પ્રવૃત્તિઓ સાથે યોજાયો હતો.
- કવાયતનો દરિયાઈ તબક્કો 24 થી 27 માર્ચ સુધી સુનિશ્ચિત થયેલ છે જેમાં અસમપ્રમાણ જોખમોનો સામનો કરવા, વિઝિટ બોર્ડ સર્ચ, બોટ હેન્ડલિંગ, યુદ્ધપેચ અને ફાયરિંગ કવાયતના પાસાઓ સાથે યોજાયો હતો.
- આ ઉપરાંત દરિયાઈ તબક્કા દરમિયાન EEZ સર્વેલન્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. LCA તેજસના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેજસ એ ભારતનું Single-engine, Delta wing, multirole light fighter વિમાન છે.

2. ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ હેઠળ કાર્યરત 'એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી' દ્વારા LCAની ડિઝાઈન કરવામાં આવી છે.

3. જ્યારે તેનું ઉત્પાદન જાહેર ક્ષેત્રની કંપની HAL દ્વારા કરવામાં આવે છે.

4. તે સંપૂર્ણપણે સ્વદેશી ડિઝાઈન સાથે ભારતમાં તૈયાર કરવામાં આવેલું સૌપ્રથમ યુદ્ધ વિમાન છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

---

2. તાજેતરમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ના નવા ડિરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી યશવંત સોનાવણે (B) શ્રી વિનાયક તાવડે

(C) શ્રી સદાનંદ વસંત દાતે (D) શ્રી સંજય સિન્હા (C)

---

3. તાજેતરમાં કયા દેશો વચ્ચે ત્રિપક્ષીય કવાયત 'IMT TRILAT' યોજાઈ હતી ?

(A) ભારત, ઈન્ડોનેશિયા, બાંગ્લાદેશ (B) ભારત, મોઝામ્બિક, તાન્ઝાનિયા

(C) ભારત, મલેશિયા, તુર્કી (D) ભારત, મલેશિયા, તજાકિસ્તાન (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## India Employment Report 2024

તાજેતરમાં ઈન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલપમેન્ટ (IHD) અને ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO)એ 'ઈન્ડિયા એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ 2024' શીર્ષક હેઠળનો અહેવાલ બહાર પાડ્યો છે.

### ઈન્ડિયા એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ 2024ના મુખ્ય મુદ્દાઓ

આ અહેવાલ મુખ્યત્વે 2000 અને 2022ની વચ્ચેના રાષ્ટ્રીય નમુના સર્વેક્ષણો અને સામયિક શ્રમ દળ સર્વેક્ષણોના ડેટાના વિશ્લેષણ પર આધારિત છે.

### સ્ત્રી શ્રમ બજાર ભાગીદારી દર

2019થી ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મહિલા શ્રમ બજારમાં ભાગીદારીના દરમાં વધારો થયો છે.

### બિન-ખેતી ક્ષેત્રોમાં કામદારોનું સ્થળાંતર

કૃષિમાંથી બિન–ખેતી ક્ષેત્રોમાં કામદારોની સંખ્યામાં પણ ધીમો ધીમો ફેરફાર થયો છે.

### ભારતમાં રોજગારનો પ્રકાર

ભારતમાં રોજગાર એ મુખ્યત્વે સ્વ–રોજગાર અને પ્રાસંગિક રોજગાર છે.

- અનૌપચારિક ક્ષેત્રમાં લગભગ 82% કામદારો સાથે સ્વ–રોજગાર અને પ્રાસંગિક રોજગારનું વર્ચસ્વ રહ્યું છે.

### સ્થિર વેતન

2012 અને 2022ની વચ્ચે કેઝ્યુઅલ મજૂરોના વેતનમાં સામાન્ય વધારો જોવા મળ્યો છે જ્યારે નિયમિત કામદારો માટે વાસ્તવિક વેતન અટકી ગયું છે અથવા ઘટ્યું છે.

### સ્થળાંતર પર અપૂરતો ડેટા

અધિકૃત સર્વેક્ષણો ભારતના સ્થળાંતર સ્તરને સચોટ રીતે કેપ્ચર કરતા નથી.

- અંદાજે 607 મિલિયનની શહેરી વસતી સાથે ભારતમાં 2030 સુધીમાં સ્થળાંતર દર 40%થી વધુ થવાની ધારણા છે.

### શહેરીકરણમાં વધારો

શહેરીકરણ અને સ્થળાંતર ભવિષ્યમાં નોંધપાત્ર રીતે વિસ્તરણ થવાની ધારણા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યુવા રોજગારના પડકારો

વસતીનો નોંધપાત્ર હિસ્સો કામ કરવાની ઉંમરનો છે અને ભારત ઓછામાં ઓછા આગામી દાયકા સુધી સંભવિત વસતી વિષયક ડિવિડન્ડ ઝોનમાં રહેવાની શક્યતા છે.

- જો કે દેશ એક વળાંક પર છે કારણ કે યુવા વસતી, જે 2021માં એકંદર વસતીના 27% હતી, 2036 સુધીમાં ઘટીને 23% થવાની આગાહી કરવામાં આવી છે.
- યુવા બેરોજગારી લગભગ ત્રણ ગણી વધી છે, જે 2000માં 5.7%થી વધીને 2019માં 17.5% થઈ છે, પરંતુ 2022માં ઘટીને 12.1% થઈ ગઈ છે.

## સૂચનો

ઈન્ડિયા એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ 2024 ભારતમાં યુવાનો માટે પાંચ મુખ્ય નીતિ ક્ષેત્રોની ભલામણ કરે છે :

(1) નોકરીની રચનાને પ્રોત્સાહન આપવું

(2) રોજગાર ગુણવત્તા સુધારવી

(3) શ્રમ બજારની અસમાનતાઓને સંબોધિત કરવી

(4) કુશળતા અને સક્રિય શ્રમ બજાર નીતિઓને મજબૂત બનાવવી

(5) શ્રમ બજાર પેટર્ન અને યુવા રોજગાર પર જ્ઞાનની ખોટને દૂર કરવી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IHD

ઈન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલપમેન્ટ (IHD)ની સ્થાપના વર્ષ 1998માં ઈન્ડિયન સોસાયટી ઓફ લેબર ઈકોનોમિક્સ (ISLE)ના નેજા હેઠળ કરવામાં આવી હતી.

- તે એક બિન–લાભકારી સ્વાયત્ત સંસ્થા છે જેનો ઉદ્દેશ્ય એવા સમાજના નિર્માણમાં યોગદાન આપવાનો છે જે એક સમાવિષ્ટને પ્રોત્સાહન આપે છે અને મૂલ્ય આપે છે.
- સામાજિક, આર્થિક અને રાજકીય વ્યવસ્થા જે ગરીબી અને વંચિતતાઓથી મુક્ત છે.

## ILO

ILOનું પૂરું નામ 'International Labour Organization' છે.

- લીગ ઓફ નેશન્સની સંલગ્ન એજન્સી તરીકે વર્સેલ્સની સંધિ દ્વારા વર્ષ 1919માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ 1946મા સંયુક્ત રાષ્ટ્રની પ્રથમ સંલગ્ન વિશેષ એજન્સી બની હતી.

- તે સંયુક્ત રાષ્ટ્રની પ્રથમ અને સૌથી જૂની વિશિષ્ટ એજન્સી છે.
- તે UNની એકમાત્ર ત્રિપક્ષીય એજન્સી છે, જે આંતરરાષ્ટ્રીય શ્રમ ધોરણો નક્કી કરીને સામાજિક અને આર્થિક ન્યાયને આગળ ધપાવે છે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત માનવ અને મજૂર અધિકારોને પ્રોત્સાહન આપે છે.
- તેના 187 સભ્ય દેશો છે (UNના 193 સભ્ય દેશોમાંથી 186 દેશ અને કૂક ટાપુઓ)
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

## તેલંગાણા રાજ્યમાંથી કલ્યાણી ચૌલુક્ય વંશનો 900 વર્ષ જૂનો કન્નડ શિલાલેખ મળી આવ્યો

કલ્યાણી ચૌલુક્ય વંશનો 900 વર્ષ જૂનો કન્નડ શિલાલેખ તેલંગાણા રાજ્યમાં મહબૂબનગર જિલ્લાના ગંગાપુરમ ખાતે ઉપેક્ષિત સ્થિતિમાં મળી આવ્યો હતો.

- પુરાતત્વવિદોએ તેને હેરિટેજ જાળવણી અભિયાન દરમિયાન ચોદમ્મા મંદિર નજીક શોધી કાઢ્યું હતું.
- 8 જૂન, 1134 ઈ.સ.ના શિલાલેખ મંદિરના દીવા માટે ટોલ ટેક્સ માફીની નોંધ કરે છે.

### ચૌલુક્ય વંશ

ચૌલુક્ય અથવા ચાલુક્ય વંશે 6 થી 12મી સદી સુધી દક્ષિણ અને મધ્ય ભારતમાં નોંધપાત્ર પ્રદેશો પર શાસન કર્યુ હતું.

- તેમાં ત્રણ અલગ અલગ રાજવંશનો સમાવેશ થાય છે :




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કલ્યાણીના ચૌલુક્ય વિશે

કલ્યાણીના ચૌલુક્યને પશ્ચિમ ચૌલુક્ય સામ્રાજ્ય તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તેણે 10મી થી 12મી સદી સુધી પશ્ચિમ ડેક્કન અને દક્ષિણ ભારત પર શાસન કર્યું હતું.
- કલ્યાણી ચૌલુક્યોનું શાસન કન્નડ સાહિત્યમાં સુવર્ણયુગ હતું.

## કલ્યાણીના ચૌલુક્યો

### તૈલપ બીજો

કલ્યાણીના ચાલુકય વંશની સ્થાપના તૈલપ બીજાએ કરી હતી. તેની રાજધાની માન્યખેટ હતી.

- તૈલપ બીજાનો પરમાર શાસક મુંજ સાથે ઘણા વર્ષો સુધી સંઘર્ષ થયો હતો.
- 'પ્રબુદ્ધ ચિંતામણી' નામના ગ્રંથની રચના મેરૂતુંગે કરી હતી.

### સોમેશ્વર પ્રથમ

સોમેશ્વર પ્રથમે પરમારોની રાજધાની ધારાનગરી પર આક્રમણ કરી રાજા ભોજને આત્મસર્મપણ માટે મજબૂર કર્યા હતાં.

- સોમેશ્વર પ્રથમે માન્યખેટ રાજધાનીને કલ્યાણી (કર્ણાટક) સ્થળાંતરીત હતી.

### વિક્રમાદિત્ય છઠ્ઠા

તેઓ સોમેશ્વર પ્રથમના પુત્ર હતા. તેઓ ચાલુકય વંશના સૌથી મહાન રાજા હતા.

- તેમના રાજકવિ બિલ્હણે 'વિક્રમાંક દેવચરિતમ્' તથા વિજ્ઞાનેશ્વર નામના લેખકે 'મિતાક્ષરા'ની રચના કરી હતી.
- ચૌલ શૈલીના મંદિરોએ દ્રવિડ શૈલીને પૂર્ણતાએ પહોંચાડી હતી.
- ચૌલકાલીન સ્થાપત્યકલા, ચિત્રકલા સાહિત્ય અને શિલ્પકલા ચૌલ શૈલીના મંદિરોએ દ્રવિડ શૈલીને પૂર્ણતાએ પહોંચાડી હતી.

### સોમેશ્વર તૃતીય

તેમણે 'માન સોલ્લસ' નામના શિલ્પકલાના ગ્રંથની રચના કરી હતી.

- તેમણે 'ભૂલોક મલ્લ' તથા 'ત્રિભુવન મલ્લ' ઉપાધી ધારણ કરી હતી.
- સોમેશ્વર ચોથા ચાલુકયવંશના અંતિમ શાસક હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


સોમેશ્વર પ્રથમ
માન્યખેટ રાજધાની બદલી કલ્યાણી(કર્ણાટક) બનાવી
જયસિંહ
સોમેશ્વર બીજા
કલ્યાણીના ચૌલુકયો
વિક્રમાદિત્ય
તૈલપ બીજા
વિક્રમાદિત્ય છઠ્ઠા
બિલ્હણ રચિત
'વિક્રમાંક દેવ ચરિતમ'
વિજ્ઞાનેશ્વર જૈન
'મીતાક્ષરા' કૃતિ


છેલ્લા 14 વર્ષમાં PSI-ASI અને કોન્સ્ટેબલમાં ગુજરાતમાં સૌથી વધુ ઉમેદવારોને સફળતા અપાવનાર સંસ્થા...
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
PSI-કોન્સ્ટેબલ
ફ્રી ડેમો લેક્ચર
04-04-2024, ગુરુવાર
06:30 PM To 08:30 PM
GCERT અને NCERTનો સંપૂર્ણ અભ્યાસ
વધુ સ્કોર મેળવવા માટે વ્યક્તિગત માર્ગદર્શન
નિશ્ચિત સફળતાની હાઈટેક વ્યૂહરચના
ગણિત, રિઝનિંગ અને બંધારણ પર વિશેષ ભાર
Weekly, Monthly, Targetive Test
નવા વિદ્યાર્થીઓને 10% DISCOUNT
જૂના વિદ્યાર્થીઓને 30% DISCOUNT
ફ્રી
ONLINE APPLICATION COURSE
ફિઝિકલ ટ્રેનિંગ
પરીક્ષાલક્ષી સંપૂર્ણ મટીરીયલ્સ અને બૂક્સ
OFFLINE રાજકોટ
ફ્રી રજીસ્ટ્રેશન માટે અત્યારે જ Call કરો
93280 01110
ICE, બીજો માળ, સદગુરુ કોમ્પલેક્ષ, સ્વામિનારાયણ મંદિર પાસે, કાલાવડ રોડ

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં 'India Employment Report 2024' સમાચારમાં હતો, આ રિપોર્ટ કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવ્યો છે ?

(A) ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ હ્યુમન ડેવલપમેન્ટ

(B) એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ

(C) યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ ડેવલપમેન્ટ

(D) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન **(A)**

2. ILOનું વડું મથક કયાં આવેલું છે ?

(A) જિનીવા (B) પેરિસ (C) બેઈજિંગ (D) ન્યુયોર્ક **(A)**

3. તાજેતરમાં કલ્યાણી ચૌલુક્ય વંશનો 900 વર્ષ જૂનો કન્નડ શિલાલેખ કયા રાજ્યમાંથી મળી આવ્યો હતો ?

(A) આંધ્રપ્રદેશ (B) તમિલનાડુ (C) કર્ણાટક (D) તેલંગાણા **(D)**

4. કલ્યાણીના ચૌલુક્ય વંશ વિશે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તેને પશ્ચિમ ચૌલુક્ય સામ્રાજ્ય તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. તેની સ્થાપના તૈલપ બીજાએ કરી હતી.
3. તેની રાજધાની કાંચી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NEWS IN SHORTS

## ભારત

**➤ AFSPA અરૂણાચલ પ્રદેશ અને નાગાલેન્ડના કેટલાક જિલ્લાઓમાં લંબાવવામાં આવ્યો**

ગૃહ મંત્રાલયએ 1 એપ્રિલ, 2024થી અરૂણાચલ પ્રદેશ અને નાગાલેન્ડના કેટલાક જિલ્લાઓમાં સશસ્ત્રો દળો (સ્પેશિયલ પાવર્સ) એક્ટ (AFSPA)ને વધારાના છ મહિના માટે લંબાવ્યો છે. આ નિર્ણય ઉત્તર–પૂર્વીય રાજ્યોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ લેવામાં આવ્યો છે. અરૂણાચલ પ્રદેશમાં AFSPA તિરાપ, ચાંગલાંગ અને લોંગડિંગ જિલ્લાઓમાં લંબાવવામાં આવ્યો છે તથા આસામની સરહદે આવેલા નમસાઈ જિલ્લાના નમસાઈ, મહાદેવપુર અને ચૌખામ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં છ મહિના માટે લંબાવવામાં આવ્યો છે. જ્યારે નાગાલેન્ડમાં AFSPA 8 જિલ્લાઓ (દીમાપુર, ન્યુલેન્ડ, ચુમુકેદિમા, સોમ, કીફિરે, નોકલાક, ફેક અને પેરેન) અને અન્ય પાંચ જિલ્લાઓના કુલ 16 જિલ્લાઓના 21 પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં છ મહિના માટે લંબાવવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**➤ સ્વદેશી 1500 HP ટેન્ક એન્જિનનું ટેસ્ટ ફાયરિંગ**



તાજેતરમાં સંરક્ષણ સચિવે મૈસુર કોમ્પ્લેક્સ ખાતે BEML લિમિટેડ (અગાઉ ભારત અર્થ મૂવર્સ લિમિટેડ) એન્જિન ડિવિઝન ખાતે મુખ્ય યુદ્ધ ટેન્કો માટે દેશના પ્રથમ સ્વદેશી નિર્મિત 1500 હોર્સ પાવર (HP) એન્જિનના પ્રથમ પરીક્ષણ ફાયરિંગની અધ્યક્ષતા કરી હતી. 1500 HP એન્જિન લશ્કરી પ્રોપલ્શન સિસ્ટમમાં નવી ઉત્ક્રાંતિનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં ઉચ્ચ પાવર–વેઈટ રેશિયો, ઉંચ્ચ ઊંચાઈના સ્થાનો, સબ–શૂન્ય તાપમાન અને રણ સહિતની કઠોર પરિસ્થિતિઓમાં કામ કરવાની ક્ષમતા જેવી અનેક અદ્યતન સુવિધાઓનો સમાવેશ થાય છે. આધુનિક ટેક્નોલોજીથી સજ્જ આ એન્જિન સમગ્ર વિશ્વમાં ઉપલબ્ધ સૌથી આધુનિક એન્જિનોની સમકક્ષ છે. ભારત પાસે T-90M ભીષ્મ, અર્જુન MBT અને K-9 વજ્ર સહિત અનેક મુખ્ય યુદ્ધ ટેન્કો છે.

➤ **ગ્રીડ-ઈન્ડિયાને મિની રત્ન કંપનીનો દરજ્જો મળ્યો**

ગ્રીડ કંટ્રોલર ઓફ ઈન્ડિયા લિમિટેડ (GRID-India) એ ભારત સરકારના ઊર્જા મંત્રાલયમાંથી મિનિરત્ન કેટેગરી-I સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ (CPSE)નો દરજ્જો મેળવીને એક મહત્ત્વપૂર્ણ સીમાચિન્હરૂપ હાંસલ કર્યુ છે, જે વિદ્યુત પરિદ્રશ્યમાં ગ્રીડ–ઈન્ડિયાની મહત્વની ભૂમિકાને રેખાંકિત કરે છે. વર્ષ 2009માં સ્થપાયેલ GRID-INDIA ભારતીય પાવર સિસ્ટમની અવિરત કામગીરીની દેખરેખ રાખે છે, જે પ્રદેશોની અંદર અને સમગ્ર પ્રદેશમાં કાર્યક્ષમ પાવર ટ્રાન્સફરને સુનિશ્ચિત કરે છે. તે પ્રાદેશિક લોડ ડિસ્પેચ સેન્ટર્સ (RLDC) અને નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટર (NLDC) દ્વારા ઓલ ઈન્ડિયા સિંક્રોનસ ગ્રીડનું સંચાલન કરે છે, જે પાવર દશ્યમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. GRID-India સંકલિત પાવર સિસ્ટમ ઓપરેશન્સ માટે વિશ્વસનીયતા, સ્થિરતા અને વાજબી સ્પર્ધાને પ્રાધન્ય આપીને સ્પર્ધાત્મક વીજળી બજારોનું સંચાલન કરે છે.

➤ **સ્ટાર્ટ અપ મહાકુંભનું ઉદ્‌ઘાટન**




સ્ટાર્ટઅપ મહાકુંભ, ભારતના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા અને તેની ઉજવણી કરવા પર કેન્દ્રિત એક પ્રીમિયર ઈવેન્ટનું, નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં ઈનોવેશન અને સ્ટાર્ટઅપ કલ્ચરમાં દેશના ઉભરતા વલણો દર્શાવવામાં આવ્યા હતા. અને 2047 સુધીમાં વિકસિત ભારત માટેના તેના વિઝનના ભાગરૂપે ઉદ્યોગસાહસિકતાને સમર્થન અને સંવર્ધન કરવાના સરકારના પ્રયાસો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

➤ **ગુલાલ ગોટા**



રાજસ્થાનના જયપુરમાં હોળીની ઉજવણીની વર્ષો જૂની પરંપરા ચાલું છે. આ ઉજવણીમાં ‘ગુલાલ ગોટા’ની પ્રથાનો સમાવેશ થાય છે, જે લગભગ 400 વર્ષ જૂની અનોખી પરંપરા છે. ગુલાલ ગોટા એ લાખનો બનેલો દડો છે, જે સૂકા ગુલાલથી ભરેલો છે, જેનું વજન આશરે 20 ગ્રામ છે. લાખ એ કેટલાક જંતુઓ દ્વારા સ્ત્રાવિત રેઝિનસ પદાર્થ છે. માદા સ્કેલ જંતુઓ લાખના સ્ત્રોત તરીકે ગણવામાં આવે છે. ગુલાલ ગોટા જયપુરમાં મુસ્લિમ લાખ ઉત્પાદકો દ્વારા બનાવવામાં આવે છે, જેને મણિહાર તરીકે ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **મનરેગા હેઠળ વેતન દરોમાં સુધારો**

તાજેતરમાં કેન્દ્ર સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ આપવામાં આવેલા વેતન દરોમાં સુધારો કરવાની જાહેરાત કરી હતી, જેના સંદર્ભમાં વિવિધ રાજ્યોએ તેમની પ્રતિક્રિયાઓ આપી હતી. ઘણા રાજ્યોમાં મનરેગા હેઠળ આપવામાં આવતું મહેનતાણું 8%થી વધારીને 10% કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયે આદર્શ આચાર સંહિતા દ્વારા લાદવામાં આવેલા અવરોધોને ધ્યાનમાં રાખીને સંબંધિત સૂચના જારી કરવા માટે ચૂંટણી પંચ પાસેથી વિશેષ પરવાનગી મેળવી હતી. તેલંગાણા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને ગોવામાં 8% થી 10.5% સુધીના મહેનતાણામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. હરિયાણામાં સૌથી વધુ મહેનતાણું 374 રૂપિયા પ્રતિ દિવસ છે, જ્યારે ઉત્તરપ્રદેશમાં તે સૌથી ઓછું છે, પ્રતિ દિવસ 237 રૂપિયા છે. સુધારેલા વેતન દરો 1 એપ્રિલ, 2024થી લાગુ થશે. વર્ષ 2005માં શરૂ કરાયેલ મનરેગા એ વિશ્વના સૌથી મોટા વર્ક ગેરંટી પ્રોગ્રામ પૈકી એક છે જે ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.

➤ **વિશ્વ કબડ્ડી દિવસ**




તાજેતરમાં હરિયાણાના પંચકુલાના તૌ દેવીલાલ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે 24મી માર્ચે વિશ્વ કબડ્ડી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. HIPSA (હોલિસ્ટિક ઈન્ટરનેશનલ પ્રવાસી સ્પોર્ટ્સ એસોસિએશન), વર્લ્ડ કબડ્ડી નામની સંસ્થા સાથે મળીને આ વર્ષની ઈવેન્ટનું આયોજન સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. કબડ્ડીને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપવા માટે તાજેતરમાં HIPSA અને હરિયાણા સરકાર વચ્ચે હસ્તાક્ષર કરાયેલ એક સમજૂતી કરાર (MoU)એ કાર્યક્રમ માટે ભારત અને હરિયાણાને સ્થળ તરીકે પસંદ કરવાનું મુખ્ય કારણ હતું. હરિયાણાના રાજ્યપાલ બંડારુ દત્તાત્રેય મુખ્ય અતિથિ હતા અને ગિનિસ ટીમ દ્વારા ગિનિસ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર રાજ્યપાલને અર્પણ કરવામાં આવ્યું હતું. કબડ્ડી પ્રદર્શન મેચમાં સૌથી વધુ ખેલાડીઓ માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડનો પ્રયાસ થયો હતો.

➤ **અગ્નિબાન રોકેટ : ભારતનું બીજુ ખાનગી રીતે વિકસિત રોકેટ**



ચેન્નાઈના સ્પેસ સ્ટાર્ટ–અપે 22 માર્ચે સતીશ ધવન સ્પેસ સેન્ટરમાંથી તેનું પ્રથમ રોકેટ અગ્નિબાન સબ ઓર્બિટલ ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર (SOrTeD) લોન્ચ કર્યુ હતું. અગ્નિબાન રોકેટ લોન્ચ થનાર ભારતનું બીજું ખાનગી રીતે વિકસિત રોકેટ હશે. તેને અગ્નિકુલ કોસ્મોસ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. વિક્રમ-S 2022માં લોન્ચ કરવામાં આવ્યું હતું, તે ભારતનું પ્રથમ ખાનગી રીતે વિકસિત રોકેટ હતું જે ISRO લોન્ચ પેડ પરથી ઉપડ્યું હતું. અગ્નિબાનમાં વિશ્વનું પ્રથમ સિંગલ પીસ 3D પ્રિન્ટેડ એન્જિન છે જે સ્વદેશી રીતે ડિઝાઈન અને બનાવવામાં આવ્યું છે. તે સિંગલ–સ્ટેજ લોન્ચ વ્હીકલનું પ્રદર્શન છે જે અર્ધ–ક્રાયોજેનિક એન્જિન, અગ્નિલેટ દ્વારા સંચાલિત થશે.

➤ **લદ્દાખમાં નિમ્મુ-પદમ-દારચા માર્ગ**

તાજેતરમાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO)એ લદ્દાખમાં વ્યૂહાત્મક નિમ્મુ–પદમ–દારચા માર્ગને જોડીને એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. આ માર્ગ કારગિલ–લેહ હાઈવે સાથે દારચા અને નિમ્મુમાંથી પસાર થતા મનાલી અને લેહ વચ્ચેની એક મહત્ત્વપૂર્ણ કડી તરીકે કામ કરશે. આ માર્ગ હવે હાલના મનાલી–લેહ અને શ્રીનગર–લેહ માર્ગો સાથે લદ્દાખને અંતરિયાળ વિસ્તાર સાથે જોડતી ત્રીજા ધરી તરીકે કામ કરશે. આ માર્ગ અન્ય માર્ગોની તુલનામાં તેના ટૂંકા અંતરને કારણે વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે. તે લદ્દાખ પ્રદેશને સર્વ–હવામાન કનેક્ટિવિટી પ્રદાન કરશે. તે માત્ર એક પાસ એટલે કે શિંકુન લાને 16,558 ફૂટની ઊંચાઈએ પાર કરે છે, જ્યાં BROની દેખરેખ હેઠળ ટનલનું કામ શરૂ થવાનું છે.

## વિશ્વ

➤ **JLOTS પ્રોજેક્ટ**




સંયુક્ત લોજિસ્ટિક્સ ઓવર–ધ–શોર પ્રોજેક્ટ (JLOTS) દ્વારા દરિયામાં તરતી ડોકથી ગાઝાને સહાય પહોંચાડવાની યુએસની યોજના છે. તેનું લક્ષ્ય ગાઝામાં દરરોજ 20 લાખ રૂપિયા સુધીની ખાદ્ય સહાય પહોંચાડવાનું છે. JLOTS ક્ષમતાઓનો ઉપયોગ દરિયાઈ માર્ગે કાર્ગો પરિવહન કરવા માટે થાય છે જ્યારે એક અથવા વધુ પોર્ટ ઓપરેટ કરી શકાતા નથી અથવા લોડ અથવા અનલોડ કરવા માટે ઉપલબ્ધ નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **CPCRIએ નારિયેળ અને કોકોની ખેતી માટે નવી જાતો રજૂ કરી**



સેન્ટ્રલ પ્લાન્ટેશન ક્રોપ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CPCRI) એ તાજેતરમાં ભારતમાં નારિયેળ અને કોકોની ખેતીમાં ક્રાંતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે કોકોની બે નવી જાતો સાથે નારિયેળની નવી જાત વિકસાવી છે. કોકોની જાતો VTL CH I અને VTL CH II ઉચ્ચ ચરબી પોષક તત્વો ધરાવે છે, VTL CH II કાળા પોડના સડા પ્રત્યે સહનશીલ છે. કાળા પોડના સડા (બ્લેક પોડ રોટ) એ ફંગલ રોગ છે જે કોકોના ઝાડને અસર કરે છે. VTL CH I કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને આંધ્રપ્રદેશમાં ઉગાડવા માટે યોગ્ય છે, જ્યારે VTL CH IIની ભલામણ કર્ણાટક, કેરળ, ગુજરાત અને તમિલનાડુમાં વધુ વરસાદવાળા વિસ્તારો માટે કરવામાં આવે છે. કોકોની બંને જાતો દર વર્ષે વૃક્ષ દીઠ 1.5 કિલોથી 2.5 કિલો સૂકા કઠોળ આપે છે. CPCRIની સ્થાપના વર્ષ 1916માં કરવામાં આવી હતી અને બાદમાં તેને વર્ષ 1947માં ભારતની સેન્ટ્રલ કોકોનટ કમિટીમાં ભેળવી દેવામાં આવી હતી. વર્ષ 1970માં તે ભારતીય કૃષિ સંશોધન હેઠળ રાષ્ટ્રીય કૃષિ પ્રણાલી (NRS)નો ભાગ બન્યો હતો. તે નાળિયેર, સુતરાઉ, કોકો, કાજુ અને મસાલા માટે આનુવંશિક રીતે સુધારેલ વાવેતર સામગ્રી પર સંશોધન અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **અમેરિકામાં એસ્બેસ્ટોસ પ્રતિબંધ**



યુનાઈટેડ સ્ટેટ્સ એન્વાયર્નમેન્ટલ પ્રોટેક્શન એજન્સીએ તાજેતરમાં એસ્બેસ્ટોસ પર પ્રતિબંધની જાહેરાત કરી હતી. એક કાર્સિનોજેન પદાર્થ જેના કારણે દર વર્ષે હજારો અમેરિકનોના મૃત્યુ થાય છે. એસ્બેસ્ટોસ એ ઘરના ઈન્સ્યુલેશન અને અન્ય ઉત્પાદનોમાં સામાન્ય હતું હાલમાં વિશ્વના 50થી વધુ દેશોમાં પ્રતિબંધ છે. આ પદાર્થનો ઉપયોગ ક્લોરિન બ્લીચ અને સોડિયમ હાઈડ્રોક્સાઈડના ઉત્પાદન માટે થાય છે, જેને કોસ્ટિક સોડા તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમાંથી કેટલાકનો ઉપયોગ પાણી શુદ્ધિકરણ માટે પણ થાય છે. એસ્બેસ્ટોસના સંપર્કમાં આવવાથી ફેફસાના કેન્સર, મેસોથેલિયોમા અને પ્લોમોનરી ગૂંચવણો સહિત ગંભીર આરોગ્ય જોખમો છે.

➤ **UNએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર પ્રથમ વૈશ્વિક ઠરાવ અપનાવ્યો**

24 માર્ચ, 2024ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ સર્વસંમતિથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પર પ્રથમ વૈશ્વિક ઠરાવ પસાર કર્યો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા પ્રાયોજિત અને રશિયા, ચીન તથા ક્યુબા સહિત 123 દેશો દ્વારા સહ–પ્રાયોજિત ઠરાવનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે શક્તિશાળી નવી તકનીકો તમામ દેશોને લાભ આપે છે, માનવ અધિકારોનો આદર કરે છે અને સલામત અને વિશ્વસનીય છે. AI ટેક્નોલોજીના ઝડપી વિકાસે તેના સંભવિત જોખમો અને લાભો વિશે ચિંતાઓ ઊભી કરી છે, જેમાં માનવ અધિકારો, વ્યક્તિગત ડેટા સંરક્ષણ અને લોકશાહી પ્રક્રિયાઓ પર તેની અસરનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **WHO દ્વારા CoviNet લોન્ચ કરવામાં આવ્યું**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ એક નવી પહેલ કોરોનાવાયરસ નેટવર્ક (CoviNet) શરૂ કરી છે, જેનો હેતુ કોરોનાવાયરસ સામે વૈશ્વિક દેખરેખ અને પ્રતિસાદ ક્ષમતાને વધારવાનો છે. CoviNet એ બહુવિધ કોરોનાવાયરસની ઝડપી શોધ, દેખરેખ અને મૂલ્યાંકન માટે વૈશ્વિક કુશળતા અને ક્ષમતાઓને સરળ બનાવવા અને સંકલન કરવા માટે રચાયેલ છે. SARS-Cov-2 પર ધ્યાન કેન્દ્રિત કરવા ઉપરાંત CoviNet મધ્ય પૂર્વ રેસ્પિરેટરી સિન્ડ્રોમ કોરોના વાયરસ (MERS-Cov) સહિત અન્ય કોરોનાવાયરસ તાણનું પણ મૂલ્યાંકન કરશે, જેમાં પ્રયોગશાળાની ક્ષમતા અને દેખરેખ વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવશે.



# અન્ય મહત્વનું વનલાઈનર કરંટ અફેર્સ

1. કયા દિવસે બિહાર દિવસ (બિહાર સ્થાપના દિવસ)ની ઉજવણી કરવામાં આવે છે ? – 22 માર્ચ
2. આસામ રાઈફલ સ્થાપના દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ? – 24 માર્ચ
3. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ સ્માર્ટ મીટર નેશનલ પ્રોગ્રામ (SMNP)નો પ્રાથમિક ઉદ્દેશ્ય શું છે ? – ભારતના 25 કરોડ પરંપરાગત મીટરને સ્માર્ટ મીટરથી બદલવા
4. તાજેતરમાં 148મી આંતર સંસદીય સંઘની બેઠક ક્યાં યોજાઈ હતી ? – સ્વિત્ઝર્લેન્ડ
5. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ગુલાલ ગોટા' કયા શહેરનો પરંપરાગત તહેવાર છે ? – જયપુર, રાજસ્થાન
6. ભારત અને મોરિટાનિયા વચ્ચે પ્રથમ વિદેશ કાર્યાલય પરામર્શનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું ? – નૌકચોટ
7. કયા દેશોએ તાજેતરમાં ઓસ્ટ્રેલિયાની SSN-AUKUS સબમરીન બનાવવા માટે નવા કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – યુ.એસ., યુ.કે. અને ઓસ્ટ્રેલિયા
8. કયા દેશમાં તાજેતરમાં ડુક્કરમાંથી જીવિત માનવમાં આનુવંશિક રીતે સંશોધિત કિડનીનું પ્રથમ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું ? – અમેરિકા
9. તાજેતરમાં કેન્દ્ર સરકારે કયા દેશના કાસ્ટ એલ્યુમિનિયમ વ્હીલ્સ પર એન્ટિ–ડમ્પિંગ ડ્યુટી લાદવાનો નિર્ણય લીધો છે ? – ચીન
10. તાજેતરમાં રાજીનામું જાહેર કરનાર લીઓ વરાડકર કયા દેશના વડાપ્રધાન હતા ? – આયર્લેન્ડ
11. તાજેતરમાં નોર્થ ઈસ્ટ ગેમ્સ 2024ની ત્રીજી આવૃત્તિ ક્યાં શરૂ થઈ છે ? – નાગાલેન્ડ
12. ચોથી શાંઘાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સ્ટાર્ટઅપ ફોરમનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી
13. તાજેતરમાં રાષ્ટ્રીય મહિલા આયોગે માનવ તસ્કરીને નિયંત્રિત કરવા માટે કયા સુરક્ષા દળ સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – રેલવે પ્રોટેકશન ફોર્સ
14. અમુલ કયા દેશમાં તેની તાજી દૂધની બનાવટોને પ્રથમ વખત લોન્ચ કરવા માટે તૈયાર છે ? – યુનાઈટેડ સ્ટેટ્સ
15. કઈ બેંકે કોન્ટેક્ટલેસ પેમેન્ટ્સ માટે NPCI સાથે ભાગીદારીમાં 'Flash Pay' Rupay સ્માર્ટ કી ચેઈન લોન્ચ કરી છે ? – ફેડરલ બેંક
16. કયા શહેરમાં ડીપ સી આઈસોપોડની નવી પ્રજાતિ મળી છે, જેનું નામ ISRO રાખવામાં આવ્યું છે ? – કોલ્લમ
17. પ્રથમ મગહી નવલકથા 'ફૂલ બહાદુર'નો અંગ્રેજીમાં અનુવાદ કોણે કર્યો હતો ? – અભય કે
18. સૌર સમપ્રકાશીય દર વર્ષે કેટલી વાર થાય છે ? – બે વાર

INSTITUTE FOR COMPETITIVE EXAMS

19. તાજેતરમાં કયા દેશે તેના પ્રદેશમાં જ્વાળામુખી વિસ્ફોટ પછી કટોકટીની સ્થિતિ જાહેર કરી છે ? – આઈસલેન્ડ
20. શિવ અને શક્તિ નામના તારાઓના બે પ્રાચીન પ્રવાહની શોધ કરનાર અંતરિક્ષ ટેલિસ્કોપનું નામ શું છે ? – ગૈયા
21. 2024માં બેરુતમાં WTT ફીડર સિરીઝ ઈવેન્ટમાં પુરુષોની સિંગલ્સ ટ્રોફી જીતનાર પ્રથમ ભારતીય કોણ બન્યું છે ? – સાથિયાન જ્ઞાનસેકરન
22. સુરત ડાયમંડ બોર્સ (SDB)ના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – ગોવિંદ ધોળકિયા
23. ઈન્ડિયન સ્ટીલ એસોસિએશન (ISA)ના પ્રમુખ તરીકે કોણ ચૂંટાયા છે ? – નવીલ જિંદાલ
24. ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના નવા અધ્યક્ષ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ? – એમ.વી.રાવ
25. ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપર્ટ ઓર્ગેનાઈઝેશન (FIEO)ના નવા પ્રમુખ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ? – અશ્વની કુમાર
26. ભારતની પ્રથમ બેટરી સ્ટોરેજ ગીગા ફેક્ટરી કયાં આવેલી છે ? – જમ્મુ અને કાશ્મીર
27. ITUના ડિજિટલ ઈનોવેશન બોર્ડના કો–ચેર તરીકે કોણ ચૂંટાયું છે ? – ડો.નીરજ મિત્તલ
28. યુરોપિયન યુનિયને _____ દેશ સાથે ઐતિહાસિક ભાગીદારી કરારની જાહેરાત કરી છે જે ઉત્તર આફ્રિકન રાષ્ટ્ર સાથેના બ્લોકના સંબંધોમાં સુધારો કરશે. – ઈજિપ્ત
29. ઈન્ડિયા એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ, 2024 તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો હતો, તે કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવે છે ? – ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ હ્યુમન ડેવલપમેન્ટ (IHD)
30. તાજેતરમાં મ્યાનમારમાં ભારતના નવા રાજદૂત તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – અભય ઠાકુર
31. ટાટા કમિન્સે હાઈડ્રોજન આધારિત એન્જિન બનાવવાની ફેક્ટરીનું ઉદ્‌ઘાટન કયાં કર્યુ છે ? – જમશેદપુર
32. બોક્સિંગ સબ જુનિયર ચેમ્પિયનશિપમાં કયું રાજ્ય ચેમ્પિયન બન્યું હતું ? – હરિયાણા
33. પારૂલ યુનિવર્સિટીએ તાજેતરમાં કઈ માન્યતા પ્રાપ્ત કરી છે ? – NAAC A++
34. તાજેતરમાં _____ દેશની સંસદે લગ્ન સમાનતા માટે ઐતિહાસિક બિલ પસાર કર્યુ છે, જે સમલૈંગિક લગ્નને કાયદેસર બનાવવા માટે એશિયાનો ત્રિજો દેશ બનવાની નજીકમાં છે. – થાઈલેન્ડ
35. તાજેતરમાં કયા દેશે G20 એમ્પ્લોયમેન્ટ વર્કિંગ ગ્રુપ (EWG) મીટિંગનું આયોજન કર્યુ હતું ? – બ્રાઝિલ
36. તાજેતરમાં પ્રથમ ન્યુક્લિયર એનર્જી સમિટ કયાં યોજાઈ હતી ? – બ્રસેલ્સ
37. કયા દેશે તેની પ્રથમ સ્પર્ધકને મિસ યુનિવર્સ સ્પર્ધામાં મોકલી હતી ? – સાઉદી અરેબિયા
38. તાજેતરમાં લોકપાલ (ઓમ્બડ્સમેન)ના નવા ન્યાયિક સભ્ય તરીકે કોણે શપથ લીધા છે ? – રિતુ રાજ અવસ્થી
39. રાજસ્થાન સ્થાપના દિવસ કયારે ઉજવવામાં આવે છે ? – 30 માર્ચ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT